**સુવિચાર**

આનંદી થવું, ઉપયોગી થવું, જવાબદાર થવું, કરૂણાસભર થવું એ જીવનનું ધ્યેય છે.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૫/૧૦/૨૦૨૩, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
**શિવ** ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૭૯ ભાદરવા વદ-૭ વર્ષ : ૧૫ અંક : ૨૪૫


## ખાણ-ખનિજ વિભાગની ટીમે મશીનરી સ્થગિત કરી દેતા ખળભળાટ

# પિપાવાવ પોર્ટની અંદર આવેલ એજીસ કંપની ઉપર દરોડો

**માટી ચોરીનું સૌથી મોટું કહી શકાય તેવું કૌભાંડ ઝડપાઈ જવાની શક્યતાઓ**

**ગૌચર જમીનમાં માટી ચોરીનો મોટો જથ્થો હોવાનો રામપરાનાં સરપંચે આક્ષેપ કર્યો**

**અમરેલી જિલ્લામાં ખનિજ ચોરીનું દુષણ ચારે દિશાઓમાં ફેલાયેલું છે**

**કુદરતી સંપદાનું વેચાણ કરીને અનેક રોડપતિ કરોડપતિ બની ગયા છે**



અમરેલી, તા. ૪
અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના દરિયા કાંઠે આવેલ પિપાવાવ પોર્ટમાં આવેલ એજીસ ગેસ કંપની અંદર ખાણ ખનીજ વિભાગની ટીમના રેઈડ દરોડા પાડીને મશીનરી સિઝ કરી દેવામાં આવતા ખળભળાટ મચી ગયો છે.


રાજુલા તાલુકાના દરિયા કાંઠે પિપાવાવ પોર્ટની અંદર આવેલ એજીસ ગેસ કંપનીમાં સૌથી મોટી કાર્યવાહી હાથ ધરાય. અમરેલી ખાણ ખનીજ વિભાગની ટીમ પહોંચી રાજુલા તાલુકા વિકાસ અધિકારી સહિત અધિકારીઓ કંપનીમાં પહોંચી તપાસ


અનુસંધાન પાના ૬ ઉપર


**જુનવાણી મકાન લાકડાનું હોય વ્યાપક પ્રમાણમાં નુકસાન**

# ફફડાટ : સાવરકુંડલાનાં વજલપરામાં રહેણાંક મકાનમાં સવારે ગેસ સીલીન્ડર લીકેજ થતાં ભયાનક આગ લાગી

**પાલિકાની ફાયર ફાઈટર અને પીજીવીસીએલની ટીમે આગ પર કાબુ મેળવ્યો**



સાવરકુંડલા, તા. ૪
સાવરકુંડલાના વજલપરા વિસ્તારમાં આવેલ એક રહેણાંક મકાનમાં સવારે ગેસ સિલિન્ડર લીકેજ થતાં વિકરાળ આગ લાગી. મકાન માલિક નટુભાઈ કાલાવાડિયાએ નગરપાલિકાને જાણ કરતા તાત્કાલિક


અનુસંધાન પાના ૬ ઉપર



**કાન નાક ગળા વિભાગ**

- અમરેલી જિલ્લામાં પ્રથમવાર કાનના પડદાનું ચીરો મૂક્યા વગર ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ (Endoscopic Tympanoplasty).
- કાનના સડાનું ઓપરેશન તથા કાનની બહેરાશની તપાસ (ઓડિયોમેટ્રી).
- નાકના પડદાનું ઓપરેશન અને નાકના મસાનું દૂરબીનથી ઓપરેશન રાહતદરે કરી આપવામાં આવશે.
- ગળાની સ્વરપેટીના મસા તથા ગાંઠનું, કાકડા તેમજ એડેનોઈડ (Adenoid)ના ઓપરેશન કરી આપવામાં આવશે.
- થાઈરોઈડ ગ્રંથિના રોગોનું નિદાન તેમજ ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ.
- જીભ તેમજ અન્ય મોઢાના અને ગળાના કેન્સરનું નિદાન અને સારવાર ની સુવિધા ઉપલબ્ધ.
- એલર્જીના રોગોનું નિદાન અને સારવાર.
- ચહેરાના પેરાલીસીસ માટે નિદાન અને સારવાર.
- નાસુરનું દૂરબીનથી ઓપરેશન રાહતદરે કરી આપવામાં આવશે (ચેકો મુક્યા વગર).
- કાન -નાક -ગળા ને લગતી કોઈપણ તકલીફ માટે સારવાર રાહતદરે કરી આપવામાં આવશે.

24/7 Emergency Services

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust Amreli



Dr. Shanu B. Kher
MBBS, M.S. (ENT)

**ઉપલબ્ધ સુવિધા**
હેલ્થ ચેક અપ | એક્સ-રે | ઓડિયોમેટ્રી અને એન્ડોસ્કોપી સર્જરી
મેડિકલ સ્ટોર | લેબોરેટરી | 24x7 તાત્કાલિક સારવાર | એમ્બ્યુલન્સની સુવિધા
આયુષ્માન કાર્ડ અંતર્ગત મફત ઓપેરશન સુવિધા.

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ
એન.સી.ટી કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત, ઇન્ડિયા.
ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬, ૨૨૦૬૨૦



**દુ:ખદ અવસાન/બેસણું**



**સ્વ.રૂપાબેન ગોવિંદભાઈ સોલંકી**
સ્વ.તા. ૦૪-૧૦-૨૦૨૩, બુધવાર, અમરેલી. (ઉ.વ.૯૨)

અમારા માતુશ્રી રૂપાબેન ગોવિંદભાઈ સોલંકી (ઉ.વ.૯૨)નું તા.૪-૧૦-૨૦૨૩, બુધવારનાં રોજ દુ:ખદ અવસાન થયેલ છે, પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગત દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના... ૐ શાંતિ...ૐ શાંતિ...ૐ શાંતિ...

સદ્ગતનું બેસણું :
તારીખ : ૦૬/૧૦/૨૦૨૩, શુકવાર
સમય : ૪:૦૦ થી ૬:૦૦ કલાકે
સ્થળ : અમારા નિવાસ સ્થાને ''સાંઈધામ'' સાંઈનાથ મંદિર, જુનો ધારી રોડ, બહારપરા, અમરેલી.

લી.

| | |
|---|---|
| ટપુભાઈ ગોવિંદભાઈ સોલંકી | મો. ૬૩૫૧૧ ૯૫૫૪૮ |
| રાહુલભાઈ ટી. સોલંકી | મો. ૯૪૨૭૨ ૮૦૪૭૬ |
| અમિતભાઈ ટી. સોલંકી | મો. ૯૪૨૬૨ ૨૧૭૮૧ |
| પ્રહલાદભાઈ ટી. સોલંકી | મો. ૯૬૬૪૫ ૪૬૨૦૧ |
| શાંતિભાઈ બી. સોલંકી | મો. ૯૨૬૫૭ ૧૬૦૬૮ |

અમરેલી



Since 1986
**બાલમુકુંદ** જ્વેલર્સ પ્રા.લી.
(જંગરવાળા)

મુશ્કેલ સમયમાં સાથ આપવાના બદલે જ્ઞાન આપે એવા લોકોથી દુર રહેવુ, જીવનમાં ખોટું કોણ છે એ જોવા કરતા ખોટું શું છે એ વધારે અગત્યનું છે !!

લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166



**હાર્દિક અભિનંદન**

**શ્રી પ્રવિણભાઈ કરકર**
પ્રમુખ : નગરપાલિકા - બાબરા



બાબરા નગરપાલિકામાં **શ્રી પ્રવિણભાઈ કરકર** ની પ્રમુખપદે વરણી થતા અમો હર્ષની લાગણી વ્યક્ત કરતા તેઓને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ તેમજ તેઓના શાસન કાળમાં બાબરા શહેરનો સર્વાંગી વિકાસ થતો રહે તેવી અભ્યર્થના...

: શુભેચ્છક :
**શ્રી પ્રકાશભાઈ રમેશભાઈ ગોલેતર**
ટ્રસ્ટી : પંચશીલ સ્કૂલ - બાબરા
મુ. બાબરા, જી. અમરેલી.



**ખુબ-ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ**



**શ્રી પ્રવિણભાઈ કરકર**
પ્રમુખ
નગરપાલિકા - બાબરા



**શ્રી અંકુરભાઈ જસાણી**
ઉપપ્રમુખ
નગરપાલિકા - બાબરા



**શ્રી ભરતભાઈ રંગપરા**
નેતા શાસક પક્ષ
નગરપાલિકા - બાબરા



**શ્રી લીલાબેન અશ્વિનભાઈ મકવાણા**
ચેરમેન : કારોબારી સમિતિ
નગરપાલિકા - બાબરા

બાબરા નગરપાલિકામાં આપ સર્વે આગેવાનોની વરણી થતાં આપ સહુને ખુબ-ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ આપના શાસનકાળમાં બાબરા નગરપાલિકા તેમજ બાબરા શહેરનો સર્વાંગી વિકાસ થતો રહે તેવી શુભેચ્છાઓ...



**શ્રી કિંજલબેન ગંભીરસિંહ સોલંકી**
દંડક
નગરપાલિકા - બાબરા

: શુભેચ્છક :
**શ્રી અરવિંદભાઈ ધોળકીયા**
ટ્રસ્ટી : પંચશીલ સ્કૂલ - બાબરા.
યોગીનગર, ચિતલ રોડ, અમરાપરા, મુ. બાબરા, જી. અમરેલી.

**શ્રી પ્રકાશભાઈ ધોળકીયા** - ભવાની ફેશન શોપ : પાટીદાર કોમ્પ્લેક્ષ, બાબરા.

**શ્રી બુટભવાની બેકરી શોપ** - મેઇન બજાર, બાબરા.

## જીસીઆરટી ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવનનાં માર્ગદર્શન હેઠળ

# બાબરા ખાતે પાલિકા પ્રમુખની ઉપસ્થિતિમાં ગણિત/વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

### સમગ્ર પંથકની પ્રાથમિક શાળાનાં ૭૦ બાળકોએ ૩૫ કૃતિઓ રજૂ કરી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૪

બાબરામાં જીસીઆરટી ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવનનાં સીધા માર્ગદર્શન હેઠળ બીઆરસી ભવન બાબરા દ્વારા અહીં તાલુકા કુમાર શાળા ખાતે તાલુકા કક્ષાનું ગણિત–વિજ્ઞાન પ્રદશનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકાની પ્રાથમિક શાળામાંથી કુલ ૩૫ ગણિત અને વિજ્ઞાનની કૃતિઓના ૭૦ જેટલા બાળ વિજ્ઞાનિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

અહીં તાલુકા કુમાર શાળા ખાતે સવારથી ગણિત અને વિજ્ઞાનની પર્યાવરણ, સ્વાસ્થ્ય, વાહન વ્યવહાર સહિતના અલગ અલગ પાંચ જેટલા વિભાગમાં બાળકોએ પોતાની કૃતિઓ રજુ કરી તેનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. નિષ્ણાંત શિક્ષક ટીમ દ્વારા તમામ કૃતિઓનું નિર્દેશન કરી પાંચ જેટલી શ્રેષ્ઠ કૃતિઓને પસંદ કરવામાં આવી હતી જે આગામી દિવસોમાં જિલ્લા કક્ષાએ ભાગ લેવા જશે. બપોરે સિદ્ધિ આયોજિત તાલુકા કક્ષાના ગણિત– વિજ્ઞાન પ્રદર્શનમાં શહેર તેમજ તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં પ્રદર્શન નિહાળ્યું હતું.

બપોર બાદ નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકરના અધ્યક્ષ સ્થાને તમામ બાલ વૈજ્ઞાનિકને સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ માર્ગદર્શન ટીમ અને શિક્ષકોને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. બાળ વૈજ્ઞાનિક અને માર્ગદર્શન શિક્ષકને શિલ્ડ, મોમેન્ટ તેમજ પ્રમાણપત્ર આપી ઉપસ્થિત અગ્રણીઓ અને અધિકારીઓના વરદ હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાની, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી સોનિયાબેન, તાલુકા શિક્ષણ કેળવણી ડોમડિયાભાઈ, બીઆરસી નીતિનભાઈ ચાવડા, નગરપાલિકા કારોબારી સમિતિના ચેરમેન અનિભાઈ મકવાણા, શહેર યુવા ભાજપના પ્રમુખ હરેશભાઈ આખજા, મહામંત્રી કપિલભાઈ ચોવટિયા, જગદીશભાઈ વાવડીયા, લાલભાઈ કેલા, સ્થાનિક સીઆરસી તેમજ શિક્ષક ભાઈઓ–બહેઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સીઆરસી સંજયભાઈ વસાણી દ્વારા કરવામાં આવ્યું હતું અને આભારવિધિ તાલુકા કુમાર શાળાના આચાર્ય દક્ષાબેન સરવાળીયા દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના શિક્ષક વિપુલભાઈ ત્રિવેદી સહિતના સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

---

## રાજુલાના એક્સીડેન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ કોર્ટમાં કેસ ચાલી જતાં

# જાફરાબાદના ધોળાદ્રીનાં પ્રૌઢને અકસ્માત કેસમાં રૂપિયા ૨૧ લાખ ઉપરાંત વળતર ચુકવવા આદેશ

### અરજદાર તરફે એડવોકેટ એમ.જે. સૈયદની દલિલો સફળ રહી

અમરેલી, તા. ૪

જારફાબાદ તાલુકાના ધોળાદ્રી ગામનાં ગોવિંદભાઈ સોમાતભાઈ પરમાર (ઉ.વ. ૪૮) મજુરી કામ કરનાર રીક્ષા નં.જીજે–૧૪ ટી ૫૪૨૮ માં બેસીને આવતા હતા ત્યારે તા. ૧૯/૬/૧૮ના રોજ ટ્રક નં.જીજે–૧૧ વાય ૬૨૬૯ થી અકસ્માત થતા તેને ગંભીર ઈજાઓ થયેલ જેમાં પગનું એમ્પ્યુટેશન થયેલ જેનો કલેઈમ રાજુલાનાં મોટર એકસીડેન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ વ એડીશનલ ડીસ્ટ્રીકટ જજ માલતીબેન એસ.સો.ની કોર્ટમાં ચાલી જતા તેઓએ અરજદારના બોડી એજે હોલ ૫૦%



કાયમી ખોડનાં કીસ્સામાં ૧૦૦ ફકશંનલ ડીસેબીલટી માની આવકની પુરેપુરી ૧૦૦% નુકશાની ગણી પ્રોસ્પેકેટીવ ઈન્કમ દયાને લઈ રૂા.૧૪,૪૨,૦૦૦ નું વળતર અરજીની તારીખ થી ૯% વ્યાજ તથા ખર્ચ મળી કુલ રૂા.૨૧,૨૧,૯૨૦ ની રકમ ચુકવવા ટ્રકની ન્યુ ઈન્ડીયા વિમા કંપનીને આદેશ કરેલ છે. આ કેસમાં અમરેલીનાં જાણીતા એડવોકેટ એમ.જે. સૈયદે સુપ્રિમ કોર્ટ તથા નામ.હાઈકોર્ટના ચુકાદાઓ ટાંકીને ધારદાર દલિલો કરેલ હતી.

---

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પૂર્વ ધારાસભ્યએ પત્ર પાઠવ્યો

# સોમનાથ–ચિતલ–લાઠી–અમદાવાદ વચ્ચે વંદે ભારત ટ્રેન શરૂ કરવામાં આવે તેવી માંગ

### ભગવાન શિવનાં ભકતો તેમજ જિલ્લાનાં વેપારીઓ સહિત સૌ કોઈની માંગ

પ્રતિકાત્મક તસ્વીર



અમરેલી, તા. ૪

લાઠીનાં પૂર્વ ધારાસભ્ય વિરજી ઠુંમરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, સોમનાથ મંદિર એ દેશની પવિત્ર ભોળાનાથ સાથે જોડાયેલી મહત્વની ભૂમિ છે. જુનાગઢ ગીર પર્વત એટલે કાઠીયાવાડનું એક પ્રસિધ્ધ યાત્રાધામ છે. તાજેતરમાં સોમનાથથી સોમવારે વારાણસી ખાતે ગુરૂવારે વારાણસીથી સોમનાથ ખાતે ટ્રેન આપેલ છે. આ મીટરગેજ લાઈન થોડા સમય અગાઉ બ્રોડગેજમાં રૂપાંતર કરી સૌપ્રથમ વર્ચુલથી લુણીધાર–ભાવનગર ટ્રેનને લીલીઝંડી આપી શુભ શરૂઆત થયેલ. લાઠી વિસ્તારનાં ધારાસભ્ય તરીકે ખીજડીયા જંકશન અમરેલીથી નજીક તેજ દિવસે મારા હસ્તે લીલીઝંડી આપી આ ટ્રેનનો શુભારંભ થયેલ. આ બ્રોડગેજ લાઈન ઉપર ટ્રેન વ્યવહાર શરૂ કરાવેલ છે. અગાઉના સમયમાં અમદાવાદથી સોમનાથ મેલ રોજ ચાલતો હતો. રાજકોટથી દિલ્હી રાજધાની શરૂ થયેલ છે, જામનગરથી વંદે ભારત ટ્રેન અમદાવાદ સુધી તાજેતરમાં શરૂ થયેલ છે. હવે માત્ર સૌરાષ્ટ્રમાં સોમનાથ–જુનાગઢ અમરેલી જિલ્લાને અમદાવાદ તેમજ ગાંધીનગરની રોજેરોજની સારી સગવડતા મળે તે હેતુથી સોમનાથનાં ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમાએ પણ વંદે ભારત ટ્રેનની માંગણી કરેલ છે અને આ જિલ્લાનાં બધા જ પક્ષના તમામ આગેવાનો પણ સોમનાથથી વંદે ભારત ટ્રેન શરૂ થાય અને લાંબા સમયથી ટ્રેન વ્યવસ્થાથી વંચિત અમરેલી જિલ્લાને પણ લાભ મળે તે હેતુથી વંદે ભારત ટ્રેન તાત્કાલીક અસરથી શરૂ કરાવશો તેમ અંતમાં જણાવેલ છે.

---

## સાવરકુંડલાનાં જાગૃત્ત નાગરિકની માંગ

# અમરેલીની ગ્રાન્ટેડ કોલેજોમાં પ્રિન્સીપાલની ખાલી જગ્યા ભરવા માંગ

### રાજયનાં મુખ્યમંત્રીને પત્ર પાઠવવામાં આવ્યો

અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લામાં આવેલી કોલેજ કે જે ગુજરાતનાં પ્રથમ મુખ્યમંત્રી જીવરાજ મહેતા ધ્વારા સ્થાપના કરવામાં આવી છે અને તે અમરેલી લાઠી રોડ ઉપર વિદ્યાસભા ટ્રસ્ટ સંચાલિત (૧) કે.કે. પારે કોમર્સ (૨) કમાણી સાયન્સ કોલેજ (૩) મોંઘીબા મહિલા કોલેજ આ ત્રણ કોલેજમાં સરકારી ગ્રાન્ટ આપવામાં આવે છે અને તમામ પ્રોફેસરો સરકાર છે અને આ એક ટ્રસ્ટ નીચે કોલેજ ચાલી રહી છે અને પહેલાનાં સમયમાં કાયમીક પ્રિન્સીપાલ હતા અને તે નિવૃત્ત થઈ ગયા પછી કોઈ વિદ્યાસભા ટ્રસ્ટના ટ્રસ્ટી ધ્વારા કાયમી પ્રિન્સીપાલ ભરવાની દરકાર લેવામાં નથી આવતી અને કાયમી પ્રિન્સીપાલ ના હોવાથી અહી કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને પુરૂ ટીચીંગ પણ આપવા નથી આવતું. પ્રિન્સીપાલ કાયમીક ના હોવાથી અને ટ્રસ્ટના ટ્રસ્ટી સરકારના નીતિ–નિયમોનો ઉલાળ્યો કરી રહ્યા છે અને જાણી જોઈ કાયમી પ્રિન્સીપાલ ભરવામાં નથી આવતા. જો કાયમી પ્રિન્સીપાલની નિમણૂંક કરવામાં આવે તો કોલેજનું ટીચિંગ સારૂ થાય અને સરકારી ગ્રાન્ટનો સદઉપયોગ થાય અને ટ્રસ્ટીઓની મનમાની ઓછી થઈ જાય. તો સરકાર ધ્વારા આ બાબતે કાર્યવાહી તે માટે સાવરકુંડલાનાં જાગૃત નાગરિક સુરેશભાઈ પરમારે મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

---

# અમરેલી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના પ્રોફેસરને પીએચડીની પદવી

અમરેલી, તા. ૪

અમરેલી કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટસ કોલેજના પ્રોફેસરે પી.એચ.ડી.ની પદવી મેળવી. પ્રતાપરાય આર્ટસ કોલેજમાં પ્રોફેસર તરીકે સેવા બજાવતા હરેશકુમાર ડી. બાજક જેઓ એક મધ્યમ પરિવારના હોઈ શિક્ષણ ક્ષેત્રે અથાગ મહેનતથી બી.એ.,બી.એડ., એમ.એ., એમ.ફીલ. પૂર્ણ કર્યા બાદ હાલમાં પી.એચ.ડી.માં 'દલિત વૈચારિક પરંપરા ઔર ઓમપ્રકાશ વાલ્મિકી કા સાહિત્ય: એક અનુશીલન'ના વિષય પર સંશોધન આધારિત થીસીસ તૈયાર કરી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ ખાતે પ્રસ્તુત કરેલ ત્યારબાદ તેઓના ગાઈડ નિર્દેશક ડો. એન.ટી. ગામીત તથા હિન્દી ડિપાર્ટમેન્ટના અધ્યક્ષ ડો. કલાસવા સહિતના નિષ્ણાંતોની પેનલમાં વાયવા લેવામાં આવેલ અને થીસીસને માન્ય ગણી, વિષયમાં



તમામ રીતે ઉતીર્ણ થતા 'ડોકટર ઓફ ફિલોસોફી' ની પદવી એનાયત કરવામાં આવેલ છે.

કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટસ કોલેજ અમરેલીના હિન્દી વિભાગના ડો. રાઠોડએ ખુબ સાથસહકાર આપેલ. મૂળ નવા વઘાણીયાના અને હાલમાં અમરેલી રહેતા હરેશકુમાર ધીરૂભાઈ બાજકને પી.એચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત થતાં બાજક પરિવાર અને સમગ્ર વણકર સમાજ ગૌરવની લાગણી અનુભવે છે.

---

## વર્ષો જુના મકાનનો કબ્જો પુનઃ અપાવતા

# અમરેલીનાં લોકાગચ્છ જૈન સમાજે નાયબ દંડક કૌશિક વેકરિયાનો આભાર માન્યો

### નગરસેવક પિન્ટુભાઈ કુરૂંદલેએ પણ સહકાર કર્યો

અમરેલી, તા. ૪

અમરેલીનાં હરી રોડ ઉપર છેલ્લા ૧૦ વર્ષથી એક સરકારી ઓફિસ લોકાગચ્છ જૈન સંઘનાં માલીકીની મિલ્કતમાં બેસતી હોય પરંતુ આ મિલ્કતની જૈન સંઘને જરૂરિયાત ઉભી થતાં અમરેલીનાં ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા તથા અમરેલી પાલિકાનાં સદસ્ય બ્રિજેશભાઈ કુરૂંદલેનાં સાથ–સહકારથી જૈન સંઘની માલીકીની મિલ્કતનો કબ્જો પરત મળતા લોકાગચ્છ જૈન સંઘે બન્ને આગેવાનોનો આભાર માન્યો હતો.



---

# બાબરામાં અને રાજુલામાં આરટીઓનો પાસીંગ કેમ્પ (CERA) યોજાશે

અમરેલી તા. ૪

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી–અમરેલી દ્વારા અમરેલી જિલ્લાના બાબરા મુકામે તા. ૭/૧૦/૨૦૨૩ના રોજ સર્કિટ હાઉસ ખાતે અને રાજુલામાં ૧૪/૧૦/૨૦૨૩ રોજ બલાડ માતાજીના મંદિર પાસે આર.ટી.ઓ અમરેલી દ્વારા રી–પાસીંગ અને પાસીંગ (Cera) કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પનો સમય સવારે ૧૦:૩૦ થી સાંજે ૬:૧૦ વાગ્યા સુધીનો રહેશે. અરજદારો આ કામગીરી માટે કેમ્પમાં ભાગ લઈ શકે છે તેમ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, અમરેલીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---

## આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને

# અમરેલી ખાતે આવતીકાલે કોંગી નેતા સિધ્ધાર્થ પટેલની ઉપસ્થિતિમાં મહત્વની બેઠક

### જિલ્લાનાં કોંગી આગેવાનોને ઉપસ્થિત રહેવા જણાવાયું

અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા શુક્રવારે સવારે ૧૦ કલાકે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે પૂર્વ પ્રમુખ ગુજરાત કોંગ્રેસ સિધ્ધાર્થભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં લોકસભાની ચૂંટણી અંતર્ગત એક બેઠકનું આયોજન કરવામાં આવેલ છે.

જેમાં અમરેલી જિલ્લા ના પૂર્વ ધારાસભ્યો, AICC હોદેદારો, PCC હોદેદારો, અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના હોદ્દેદારો, તમામ તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ પ્રમુખો તથા હોદેદારો, જિલ્લા પંચાયત/ તાલુકા પંચાયત/નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો તથા ઉમેદવારો, પૂર્વ જિલ્લા પ્રમુખો, યુવક કોંગ્રેસના આગેવાનો, મહિલા કોંગ્રેસ હોદ્દેદારો,



એનએસયુઆઈ હોદેદારો, ઓબીસી સેલ હોદેદારો, એસસી સેલ હોદેદારો, લઘુમતી સેલ હોદેદારો, કિસાન કોંગ્રેસ સેલ હોદેદારો, શિક્ષક સેલ હોદેદારો, સેવાદળ હોદેદારો સહિત તમામ સેલ ફ્રન્ટલ હોદેદારો તેમજ કાર્યકર ભાઈઓ અને બહેનોની હાજરીમાં અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિની



અગત્યની મિટિંગ રાખવામાં આવેલ છે. જેમા પૂર્વ પ્રમુખ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સિદ્ધાર્થભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહેવાના હોય. તો આપ તમામ કોંગ્રેસ અગ્રણીઓ તથા કાર્યકરોને ઉપસ્થિત રહેવા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડી.કે. રૈયાણીએ નિમંત્રણ પાઠવેલ છે.

## MSMEનાં કારણે જિલ્લામાં ૧૩૨૪ વ્યકિતઓને રોજગારી મળી

# ભૈ વાહ : અમરેલી જિલ્લામાં પાંચ વર્ષમાં ૨૧૩ એકમોનું સર્જન થયું

### જિલ્લામાં કુલ ૨૧ હજાર કરતાં વધારે MSME એકમોની નોંધણી થઈ જેમાં ટેક્ષટાઈલ ક્ષેત્રે રૂપિયા ૭૨૦૦ કરોડનું મુડી રોકાણ અને ૧૨ હજાર રોજગારીનું સર્જન થયું

અમરેલી, તા. ૪

રાજયમાં ૨૦ વર્ષ પહેલાં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘ દ્રષ્ટી અને વડપણ હેઠળ શરૂ થયેલી ઔદ્યોગિક વિકાસની વણથંભી યાત્રા એટલે 'વાઈબ્રન્ટ ગુજરાત' જેના દ્વારા સમગ્ર વિમાં ગુજરાત રાજય ઔદ્યોગિક રોકાણ ક્ષેત્રે રોલ મોડલ બન્યું હતું. ઔદ્યોગિક વિકાસની આ કડીના ભાગરૂપે આ વર્ષે વાઈબ્રન્ટ ગુજરાત અંતર્ગત વાઈબ્રન્ટ ડિસ્ટ્રીકટ કાર્યક્રમોની હારમાળાનું આયોજન કરવામાં આવ્યું છે. અમરેલી જિલ્લામાં મંગળવારે વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ અમરેલી કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દ્વારા જિલ્લામાં ઔદ્યોગિક રોકાણને પ્રોત્સાહન મળે તેવા હેતુથી વિવિધ કાર્યક્રમો અને સેમિનારો યોજાયા હતા.

અમરેલી જિલ્લો ઉદ્યોગ ક્ષેત્રે ખાસ કરીને MSME ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યો છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા મુજબ ફકત છેલ્લા પાંચ વર્ષમાં અમરેલી જિલ્લામાં ૨૧૩ MSME એકમોનું સર્જન થયું છે. અમરેલી જિલ્લો ટેકસટાઈલના ઉદ્યોગ ક્ષેત્રે ખાસ કરીને કોટન સ્પિનિંગ અને જિનિંગ ક્ષેત્રે આગવી નામના ધરાવે છે. જિલ્લામાં આ MSME સેકટરને છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફતે કુલ ૨૫.૭૩ કરોડની સબસીડી ચૂકવવામાં આવી છે. જયારે કોઈ ઔદ્યોગિક એકમની સ્થાપના થાય છે ત્યારે તેની સાથે રોજગારીઓનું સર્જન પણ થતું હોય છે. આ એકમોની સ્થાપના થકી અમરેલી જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૧૩૨૪ જેટલી રોજગારી મળી છે. અમરેલી જિલ્લામાં વિવિધ ક્ષેત્રો સાથે આ ઉદ્યોગને વેગ આપવા માટે રાજય સરકારની વિવિધ યોજનાઓની અસરકાર અમલવારી થઈ રહી છે.

અમરેલી જિલ્લામાં સમગ્રયતા અત્યાર સુધીમાં કુલ ૨૧,૧૮૦ MSME એકમોની નોંધણી થઈ, આ પૈકી ફકત ટેકસટાઈલ ક્ષેત્રે રૂા. ૭,૨૦૦ કરોડનું મૂડી રોકાણ થયું જેના દ્વારા કુલ ૧૨,૦૦૦ જેટલી રોજગારીનું સર્જન થયું છે. જિલ્લામાં ટેકસટાઈલ પોલીસી અંતર્ગત કુલ ૦૮ સ્પિનિંગ અને ૭૫ જેટલા જિનિંગ એકમો કાર્યરત છે.

અમરેલી જિલ્લામાં નોંધાયેલા કુલ ૨૧,૧૮૦ MSME એકમોમાંથી ૭,૧૧૫ મેન્યુફેક્ચરીંગ એકમ, ૯,૪૧૪ સર્વિસ એકમો ૪,૬૫૧ ટ્રેડીંગ એકમો તરીકે નોંધાયેલા છે. આગામી દિવસોમાં અમરેલી જિલ્લામાં ઉદ્યોગો અને તેના થકી રોજગારીની વિપુલ તકોનું સર્જન થાય તેના માટે રાજય સરકાર કટીબદ્ધ છે.

**સંકલન અને આલેખન : જય મિશ્રા**

---

### કળીયુગનાં દિવસોમાં આવી રોજિંદી ઘટના બની રહી છે

## સાવરકુંડલાનાં જુના સાવર ગામે જનેતાને આશરો આપનાર ઉપર પુત્રએ કર્યો હુમલો

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૪

સાવરકુંડલા તાલુકાનાં જુના સાવર ગામે રહેતા નિર્મળસંગ કાળુભાઈ કાસેલા નામનાં ૬૬ વર્ષિય વૃધ્ધ ખેડૂતના ઘરે તેમનાં મામી રહેતા હોય તે જ ગામે આરોપી અભેસંગભાઈ જેસીંગભાઈ ચૌહાણના માતા થતા હોય આરોપીને સારૂ નહી લાગતા જે બાબતનું મનદુઃખ રાખી કુહાડા વડે ડાબા હાથ ઉપર એક ઘા મારી ઈજા કરી તથા ડાબા પડખા ઉપર એક ઘા મારતા ઈજા થતા ચાર ટાંકા આવેલ તથા વૃધ્ધ ખેડૂતનાં મકાનનાં ડેલા ઉપર કુહાડા વડે એક ઘા મારી નુકશાન કરી તથા જેમફાવે તેમ અપશબ્દોમાં ગાળો આપી તથા જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

---

### પ્લોટ બાબતે મારામારી ઘટના બન્યા બાદ

## જાફરાબાદમાં જામીન પર છુટેલ આરોપીઓ વિરૂધ્ધ ગંભીર કલમનો ઉમેરો થતા પુનઃ અટકાયત

### સરકાર તરફે એડવોકટ દિવ્યેશ ગાંધીની દલીલો સફળ રહી

જાફરાબાદ, તા. ૪

આ અંગે વિગત એવી છે કે, થોડા સમય પહેલા દિનેશભાઈ શિવાભાઈ શિયાળના ભાઈએ આરોપીઓ રામજીભાઈ શિવાભાઈ શિયાળ વિગેરે ૪ પાસેથી પ્લોટનાં પૈસાની માંગણી કરતા આરોપીઓને સારૂ નહી લાગતા આરોપીઓએ ફરીયાદી દિનેશભાઈ શિવાભાઈ શિયાળને તથા તેના ભાઈ અજયને માર મારેલ હતો. જેમાં પોલીસ ફરિયાદ તા. ૭/૯/૨૦૨૩ ના રોજ ફરિયાદ દાખલ કરેલ હતી. અને આરોપીઓને અટક કરીને કોર્ટમાં રજુ કરતા કોર્ટ દ્વારા આરોપીઓને જામીન મુકત કરેલા હતા. પાછળથી ગંભીર કલમ આઈ.પી.સી. ૩૨૬ નો ઉમેરો થતાં આરોપીઓને રી-અરેસ્ટ કરવા માટેની કોર્ટમાં મંજુરી માંગેલ હતી અને જેમાં એ.પી.પી. દિવ્યેશ બી. ગાંધી દ્વારા દલીલ કરવામાં આવેલ કે આરોપીઓને પકડવા જરૂરી છે. અને તે માટે એ.પી.પી. દ્વારા દલીલના સમર્થનમાં સુપ્રીમ કોર્ટનાં જજમેન્ટો રજુ કરેલા. જેના આધારે કોર્ટ દ્વારા આરોપીઓને ફરીથી અરેસ્ટ કરવા માટેની મંજુરી અપાતા આરોપીઓને અટક કરેલા અને કોર્ટએ એ.પી.પી. દિવ્યેશ બી. ગાંધીની દલીલના આધારે સ્ત્રી આરોપી પુરતા જામીન મંજુર કરીને અન્ય આરોપીઓનાં જામીન રદ કરીને જેલ હવાલે કરેલા.

---

### તસ્કરો ધાર્મિક સ્થાનોને પણ છોડતા નથી

## ધારી : ડાંગાવદર ગામે મંદિરમાંથી ચોરી કરાઈ

### પોલીસે તસ્કરને ઝડપવા કાર્યવાહી શરૂ કરી

અમરેલી તા. ૪

ધારી તાલુકાના ડાંગાવદર ગામે આવેલ વેલજીભાઈ રામભાઈ બલદાણીયાના પરિવારના ચામુંડા માતાજીના મંદિરેથી ગત તા. ૧૫/૯ થી તા. ૧૬/૯ના સવારે ૫ વાગ્યાના કોઈપણ સમયે નવ નાના ચાંદીના છતર ઘુઘરીવાળા જેની કિંમત આશરે રૂપિયા ૧૮૦૦ ગણી તથા એક ખોટુ ધાતુનુ મોટુ છતર તથા ત્રણ હજાર રોકડા રૂપિયા તથા વાઘમશી પરિવારના માતાજી રાંદલ માતાજીના મંદિરેથી આશરે પંદર હજાર રોકડા રૂપિયા મળી કુલ રૂપિયા ૧૯,૮૦૦ની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાય છે.

---

### રાષ્ટ્રીય દલિત અધિકાર મંચનાં પ્રમુખે મુખ્યમંત્રી સમક્ષ માંગ કરી

## કોરોનાં કાળ બાદ આશાસ્પદ યુવકોનાં હાર્ટ એટેકથી આકસ્મિક થતા મોત બાબતે તપાસ થવી જરૂરી

### વેકિસન લીધા બાદ યુવકોને આડઅસર થઈ હોવાનું અનુમાન

અમરેલી, તા. ૪

અમરેલી સહિત રાજયભરમાં છેલ્લા ૨ વર્ષમાં ૨૦ થી ૩૦ વર્ષનાં આશાસ્પદ યુવકોનાં મોતની ઘટનામાં ઉછાળો થયો હોય સૌ કોઈ ચિંતીત છે. તેવા સમયે રાષ્ટ્રીય દલિત અધિકાર મંચનાં પ્રમુખ ભરત કાતરીયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવીને સમગ્ર ઘટના અંગે તપાસ કરવાની માંગ કરી છે.

તેઓએ જણાવેલ છે કે,છેલ્લા બે વર્ષમાં કોરોના ગયા બાદ ૨૦ થી ૩૦ વર્ષનાં આશાસ્પદ યુવાનોને હાર્ટ એટેક આવવો ગુજરાત માટે ગંભીર માનવામાં આવે છે.

મોટા ભાગે લોકો પાસેથી એવું જાણવામાં આવેલ છે કે કોરોની વેકિસન લીધા બાદ યુવાનોમાં એટેક આવવાનું પ્રમાણ વધી ગયેલ છે. આમ જો વાત કરવામાં આવે તો ગુજરાતમાં રોજના હાર્ટ એટેકેથી ૧૦ વધારે યુવાનો મોતને ભેટી રહયા છે. જો આમને આમ ચાલશે તો લોકોને હાર્ટ એટેક કેમ આવે છે. તે માહિતીથી અળલા રાખી લોકોને અંધારામાં રાખવાનો પ્રયત્ન માનવામાં આવશે.

કોરોનામાં વેકશીન તો ચડાવી દિઈ પણ આ વેકશીન કેટલી ફાયદા કાર છે. કે નુકશાન કારક એમની કોઈ ચોકકસ માહિતી નથી. સારા અનુભવી નિવૃત ડોકટરની સલાહ લઈને આ હાર્ટ એટેકનું ચોકકસ કારણ લોકો સમક્ષ લાવવું જોઈએ એક માથાનાં વાળનું સેમ્પુ પણ માણસ પહેલા જનાવર ઉપર ખાત્રી કરી પછી યોગ્ય જણાય તો માણસને આપવામાં આવતું હોય છે.

તો આતો લોકોનાં શરીરમાં વેકશીન આપ્યા પછી નવ યુવાનો ભારતનું ભવિષ્ય છે. એવા યુવાનો મોતને ભેટી રહયા છે. પોતાના વાહલસોયા યુવાનોનાં મોતનાં કારણે તેના પરીવારની શું દશા હશે તે કલ્પનાં કરવી તે પણ ડરામણું લાગતું હોય છે. રોજે રોજ વધતા કેસમાં લોકોને ચિંતામાં વધારો જોવા મળતો હોય છે.

ગુજરાત સરકાર આ બાબતે ગંભીર નોધ લઈને આમનું ચોકકસ કારણ લોકો સમક્ષ મુકે એટલે ડોકટરની સલાહ મુજબ તેમનો બીજો રસ્તો આપવો મેળવવાની પ્રયત્ન કરીશું તેમ અંતમાં જણાવેલ છે.


મકાન વેચવાનું છે
જેમાં ત્રણ બેડરૂમ, હોલ, કિચન, મોટી બાલ્કની, પાણી માટે દાર તેમજ જરૂરી ફર્નિચર સાથેનું તમામ સગવડતાવાળુ કોર્નરનું મકાન વેચવાનું છે.
હનુમાનપરા રોડ, રણુજાધામ સોસાયટી-૧, અમરેલી.
સંપર્ક : ૯૭૧૪૧ ૧૧૧૫૩

તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
■ડોલ (૨૫ લી.) ■પાટલો ■ ટમ્બલર ■સોપ હોલ્ડર ■ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/-માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪












ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦













દિલ્હી લિકર કૌભાંડ કેસમાં ઈડીની આક્રમક કાર્યવાહી

# આપના સાંસદ સંજયસિંહની ઈડી દ્વારા ધરપકડ કરાઈ

## સંજયસિંહના ઘરની બહાર આપના કાર્યકર્તા એકઠા થયા, કેન્દ્ર સરકાર વિરૂદ્ધ નારેબાજી કરવામાં આવી

નવી દિલ્હી, તા.૪

દિલ્હી લિકર કૌભાંડ કેસમાં આમ આદમી પાર્ટી સાંસદ સંજયસિંહની ઈડીએ ધરપકડ કરી છે. આપ (આપ) નેતાની સવારથી ઈડી દ્વારા પૂછપરછ ચાલી રહી હતી. બીજી તરફ સંજયસિંહના ઘરની બહાર આપના કાર્યકર્તા એકઠા થયા છે. કેન્દ્ર સરકાર વિરૂદ્ધ તેઓ નારેબાજી કરી રહ્યા છે.

દરમિયાન દિલ્હી લિકર કૌભાંડ મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ - ઈડીએ મોટી કાર્યવાહી કરી છે. ઈડીએ લાંબી પુછપરછ બાદ સંજય સિંહની ધરપકડ કરી છે. ઈડીએ બુધવારે આપના રાજ્યસભા સાંસદ સંજય સિંહના ઘરે દરોડા પાડ્યા હતા. ઈડી લિકર કૌભાંડમાં મની લોન્ડ્રિંગની તપાસ કરી રહી છે. ઈડીએ ગત દિવસોમાં આ મામલે ચાર્જશીટ દાખલ કરી હતી, જેમાં સંજય સિંહનું પણ નામ સામેલ છે.

અગાઉ આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહના ઘરે આજે વહેલી સવારે ઈડીએ દરોડા પાડ્યા હતા. આ દરોડા દિલ્હીની વિવાદિત લીકર પોલિસી મામલે પાડવામાં આવ્યા હતા. હવે આ મુદ્દે બીજેપીએ આમ આદમી પાર્ટીને ઘેરતા કહ્યું કે, આ લીકર પોલીસી કૌભાંડ દિલ્હીના મુખ્યમંત્રી અંરવિંદ કેજરીવાલની દેખરેખ હેઠળ કરવામાં આવ્યો છે. સરકારી સાક્ષી બનેલા દિનેશ અરોરાએ પણ આ વાત સ્વીકારી છે. મુખ્યમંત્રી આવાસ પર વસૂલી કરવામાં આવતી હતી.

બીજેપી પ્રવકતા ગૌરવ ભાટિયાએ એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, લીકર પોલીસી કૌભાંડ વિશે જનતા જાણી ચૂકી છે કે, અરવિંદ કેજરીવાલની દેખરેખમાં જ તેને અંજામ આપવામાં આવ્યો છે. આરોપી દિનેશ અરોરાએ કબૂલ કર્યું છે કે, દિલ્હીના સીએમ આવાસ પર બેઠકો થતી હતી. તેમણે કહ્યું કે, અરવિંદ કેજરીવાલના ઈશારા પર જ સંજય સિંહે પાર્ટી ફંડમાં ૩૨ લાખ રૂપિયા આપવાની વાત કહી હતી. સીએમ આવાસ પર બેઠક કરીને એક સાંસદના ૩૨ લાખ રૂપિયાની લાંચને ચેક દ્વારા લેવાની વાત કહી હતી. ગૌરવ ભાટિયાએ કહ્યું કે, અરવિંદ કેજરીવાલના કહેવા પર એક સાંસદ વસૂલી કરે છે. આ ખૂબ જ ચિંતાજનક વાત છે. ચિંતાની વાત એ છે કે, આ લોકો પોતાને 'આમ આદમી' ગણાવે છે. તેમણે દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા અને સંજય સિંહને કેજરીવાલના જમણો અને ડાબો હાથ ગણાવ્યા હતા. બીજેપી પ્રવક્તાએ કહ્યું કે, જમણો હાથ છેલ્લા સાડા સાત મહિનાથી જેલમાં છે જ્યારે ડાબો હાથ આજે દરોડા બાદથી ડરી ગયા છે. ભાજપના પ્રવક્તાએ કહ્યું કે, જેમ જેમ કડીઓ જોડાઈ રહી છે તેમ તેમ હાથકડી અરવિંદ કેજરીવાલની નજીક આવી રહી છે. કેજરીવાલના ઈશારે જ દિલ્હીમાં લીકર પોલીસી કૌભાંડ થયો છે.

તેમણે કહ્યું કે, કાયદાથી ઉપર કોઈ નથી, પછી ભલે તે ગમે તેટલા ઉચ્ચ પદ પર કેમ ન બેઠા હોય. ગૌરવ ભાટિયાએ કહ્યું કે, અમારી માંગ છે કે, દિલ્હીના મુખ્યમંત્રીએ પ્રેસ કોન્ફરન્સ કરવી જોઈએ. અને જો તેઓ પ્રેસ કોન્ફરન્સ નહીં કરશે તો અમે માની લઈશું કે, તેઓ આ કૌભાંડમાં સામેલ છે. તેમણે વધુમાં કહ્યું કે, અરવિંદ કેજરીવાલે જે ભ્રષ્ટાચાર કર્યો છે તેનાથી તેમને કોઈ બચાવી ન શકે.

બજારમાં સતત બીજા દિવસે વેચવાલી જોવા મળી

# સેન્સેક્સમાં ૨૮૬ અને નિફ્ટીમાં ૯૩ પોઈન્ટનો કડાકો જોવા મળ્યો

## મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં વેચવાલી, મેટલ, રિયલ્ટી અને એનર્જી શેર્સમાં ઘટાડો, આઈટી શેરમાં હળવી ખરીદી જોવા મળી

મુંબઈ, તા.૪

નબળા વૈશ્વિક સંકેતોને કારણે બજારમાં સતત બીજા દિવસે વેચવાલી જોવા મળી હતી.એફએમસીજી સિવાય તમામ સેક્ટરમાં ઘટાડો જોવા મળી હતો. આજે બુધવારના દિવસે ફરી માર્કેટ લાલ નિશાન સાથે બધ થયું છે. નિફ્ટી બેંક એક્સપાયરી પર નીચલા સ્તરેથી રિકવર થયા બાદ બજાર બંધ થયું હતું. સેન્સેક્સ અને નિફ્ટી સતત બીજા દિવસે ઘટાડા સાથે બંધ થયા છે.

મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં વેચવાલી જોવા મળી હતી. જ્યારે મેટલ, રિયલ્ટી અને એનર્જી શેર્સમાં ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, આઈટી શેરમાં હળવી ખરીદી જોવા મળી હતી. એક્સિસ બેંક, એસબીઆઈ, ઈન્ડસઈન્ડ બેંક, એનટીપીસી અને અલ્ટ્રાટેક સિમેન્ટ નિફ્ટીના સૌથી વધુ ઘટાડાવાળા શેર રહ્યા હતા. તો બીજી તરફ અદાણી એન્ટરપ્રાઈઝ, નેસ્લે ઈન્ડિયા, એચયુએલ, આઈશર મોટર્સ અને એચડીએફસી બેંક નિફ્ટીમાં ટોપ ગેઈનર્સ હતા. ટ્રેડિંગના અંતે, સેન્સેક્સ ૨૮૬.૦૬ અંક અથવા ૦.૪૪ ટકાના ઘટાડા સાથે ૬૫,૨૨૬.૦૪ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૯૨.૬૫ પોઈન્ટ અથવા ૦.૪૭ ટકાના ઘટાડા સાથે ૧૯૪૩૬ ના સ્તર પર બંધ થયો હતો.

આજના ટ્રેડિંગમાં બેંકિંગ શેરોમાં ઘટાડાને કારણે બેંક નિફ્ટી ૪૩૫ પોઈન્ટ ઘટીને ૪૩,૯૬૪ પોઈન્ટ પર બંધ થયો હતો. આ સિવાય ઓટો, ફાર્મા, મેટલ્સ, એનર્જી, ઈન્ફ્રા, હેલ્થકેર અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરના શેરો પણ ઘટાડા સાથે બંધ થયા છે.

માત્ર આઈટી અને એફએમસીજી શેર જ ઉછાળા સાથે બંધ થયા છે. મિડ કેપ અને સ્મોલ કેપ શેરોમાં પણ પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું હતું. મિડ કેપ ઈન્ડેક્સ ૧.૩૮ ટકા ઘટીને ૪૦૦૪૭ પર બંધ રહ્યો હતો જ્યારે સ્મોલ કેપ ૧૬૦ પોઈન્ટ ઘટીને ૧૨,૬૫૬ પોઈન્ટ પર બંધ રહ્યો હતો. આજના વેપારમાં રોકાણકારોને ભારે નુકસાન થયું છે.

શેરબજારમાં, બીએસઈ પર લિસ્ટેડ કંપનીઓની માર્કેટ મૂડી ઘટીને રૂ. ૩૧૬.૭૨ લાખ કરોડ થઈ છે. જ્યારે છેલ્લા સત્રમાં માર્કેટ કેપ રૂ. ૩૧૯.૨૨ લાખ કરોડ હતું. આજના વેપારમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૨.૫૦ લાખ કરોડનો ઘટાડો થયો છે.

મહિલાઓને મોદી સરકારની મોટી ભેટ

# ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને ૬૦૦ રૂપિયામાં ગેસ સિલિન્ડર મળશે

## ઉજ્જવલા યોજના પર સબ્સિડી ૨૦૦થી વધારી ૩૦૦ કરવામાં આવી છે

અમદાવાદ, તા.૪

મોદી સરકારે મહિલાઓને મોટી ભેટ આપતા ઉજ્જવલા યોજના પર સબ્સિડી વધારી છે. ઉજ્જવલા યોજના પર સબ્સિડી ૨૦૦થી વધારી ૩૦૦ કરવામાં આવી છે.

કેંદ્રીય કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઉજ્જવલા યોજના હેઠળના ગેસ સિલિન્ડર પર સબ્સિડી વધારવામાં આવી છે. હવે ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને ગેસ સિલિન્ડર ૬૦૦માં મળશે. મહિલાઓને મોદી સરકારની મોટી ભેટ આપી છે.

મોદી સરકારે મહિલાઓને મોટી ભેટ આપતા ઉજ્જવલા યોજના પર સબ્સિડી વધારી છે. ઉજ્જવલા યોજના પર સબ્સિડી ૨૦૦થી વધારી ૩૦૦ કરવામાં આવી છે. કેંદ્રીય કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઉજ્જવલા યોજના હેઠળના ગેસ સિલિન્ડર પર સબ્સિડી વધારવામાં આવી છે. હવે ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને ગેસ સિલિન્ડર ૬૦૦માં મળશે. મહિલાઓને મોદી સરકારની મોટી ભેટ આપી છે.

મોદી કેબિનેટે બુધવારે (૪ ઓક્ટોબર) એક મોટો નિર્ણય લીધો. કેબિનેટે ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓ માટે સબસિડી ૨૦૦ રૂપિયાથી વધારીને ૩૦૦ રૂપિયા કરી દીધી છે. કેબિનેટે રક્ષાબંધન અને ઓણમના અવસર પર એલપીજીમાં ૨૦૦ રૂપિયાના કાપની જાહેરાત કરી હતી. આજે ઉજ્જવલાના લાભાર્થીની રકમ ૨૦૦ રૂપિયાથી વધારીને ૩૦૦ રૂપિયા કરવામાં આવી છે.

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે બેઠક બાદ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, પીએમ મોદીની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠક યોજાઈ હતી.

અમે રક્ષાબંધન અને ઓણમના અવસર પર એલપીજી સિલિન્ડરમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કર્યો હતો.જથી કિંમત ૧૧૦૦ રૂપિયાથી ઘટીને ૯૦૦ રૂપિયા થઈ ગઈ હતી. ઉજ્જવલા યોજનાના લાભાર્થીને ૭૦૦ રૂપિયામાં ગેસ મળવા લાગ્યો.

ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓની બહેનોને ૨૦૦ નહિ ૩૦૦ રૂપિયાની સબસિડી મળશે. એટલે કે ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને હવે ૬૦૦ રૂપિયામાં ગેસ સિલિન્ડર મળશે.

મહાદેવ ઓનલાઈન બેટિંગ કેસમાં તપાસનો ધમધમાટ

# બોલિવૂડ અભિનેતા રણબીર કપૂરને ઈડીએ સમન્સ પાઠવ્યું

મુંબઈ, તા.૪

મહાદેવ ઓનલાઈન બેટિંગ કેસ હેઠળ તપાસ એજન્સીઓના રડારમાં અનેક અભિનેતાઓ અને સિંગર્સ આવી ચૂક્યા છે. જે મામલે બોલીવૂડ અભિનેતા રણબીર કપૂરની મુશ્કેલી વધી ગઈ છે. તેને ઈડી દ્વારા સમન્સ પાઠવવામાં આવ્યું છે.

ઓનલાઈન ગેમિંગ બેટિંગ કેસમાં આ સમન્સ પાઠવાયું હોવાની માહિતી મળી રહી છે. તેને આગામી ૬ ઓક્ટોબરે હાજર રહેવા નિર્દેશ આપવામાં આવ્યો છે.

આ કેસમાં માત્ર રણબીરનું જ નામ નહીં, પરંતુ લિસ્ટમાં ૧૫-૨૦ સેલેબ્સ બીજા પણ છે, જેઓ ઈડીની રડાર પર છે. આ લિસ્ટમાં આતિફ અસલમ, રાહત ફતેહ અલી ખાન, અલી અસગર, વિશાલ દદલાની, ટાઈગર શ્રોફ, નેહા કક્કડ, ભારતી સિંહ, અલી અવરામ, સની લિયોની, ભાગ્યશ્રી, પલ્કિત સમ્રાટ, કીર્તિ ખરબંદા, નુસરત ભરૂચા અને કૃષ્ણા અભિષેકનું નામ સામેલ છે.

જણાવી દઈએ કે, મહાદેવ ગેમિંગ-બેટિંગ એક ઓનલાઈન સટ્ટાબાજીનું પ્લેટફોર્મ છે. આ એપના પ્રમોટર સૌરભ ચંદ્રાકરના લગ્ન ફેબ્રુઆરીમાં સંયુક્ત અમીરાતમાં થયા હતા.

લગ્નમાં ૨૦૦ કરોડથી વધુનો ખર્ચ કરાયો હતો. આ આલીશાન લગ્નનો વીડિયો ભારતીય એજન્સીઓના હાથે લાગ્યો છે. લગ્નમાં પરફોર્મ કરવા માટે જેટલા પણ સેલેબ્સને બાલાવાયા હતા, તે પણ રડાર પર આવી ગયા છે. યુએઈમાં એપના પ્રમોટરના લગ્ન તથા સકસેસ પાર્ટીમાં હાજરી આપનારા અભિનેતા અને સિંગર્સની પણ ઈડી દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

થોડા દિવસ પહેલા ઈડીએ મુંબઈ, ભોપાલ, કોલકાતા સહિત હવાલો ઓપરેટરોએ અહીં દરોડા પાડ્યા, જેમણે આ ઈવેન્ટ માટે રકમ મુંબઈની ઈવેન્ટ ફર્મને મોકલી હતી. અહીંથી સિંગર નેહા કક્કડ, સુખવિંદર સિંહ, ભારતી સિંહ અને ભાગ્યશ્રીને પરફોર્મ કરવા માટે પેમેન્ટ કરાયું હતું.

પ્રોજેક્ટ ૧૩૨ અઠવાડિયામાં પૂર્ણ થવાની સંભાવના છે

# ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન સાથે રૂ. ૮૫૭ કરોડના કરાર

## આ પ્રોજેક્ટમાં ૩૮ સ્ટેશનો સાથે કુલ ૪૦.૪૫ કિલોમીટર લાંબા બે કોરિડોરનો સમાવેશ થાય છે

અમદાવાદ, તા.૪

ટીટાગઢ રેલ સિસ્ટમ લિમિટેડે સુરત મેટ્રો રેલના પ્રથમ તબક્કા માટે ૭૨ મેટ્રો કોચના નિર્માણ માટે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન સાથે રૂ. ૮૫૭ કરોડના કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

આ પ્રોજેક્ટમાં ૩૮ સ્ટેશનો સાથે કુલ ૪૦.૪૫ કિલોમીટર લાંબા બે કોરિડોરનો સમાવેશ થાય છે અને તેની કિંમત રૂ. ૧૨૦૦૦ કરોડથી વધુ છે. ટીટાગઢ રેલ સિસ્ટમ લિમિટેડે મંગળવારે (૩ ઓક્ટોબર) ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન સાથે રૂ. ૮૫૭ કરોડના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર સુરત મેટ્રો રેલના પ્રથમ તબક્કા માટે ૭૨ મેટ્રો કોચના નિર્માણને લગતો છે. આ પ્રોજેક્ટની ઓર્ડર વેલ્યુ અંદાજે રૂ. ૮૫૭ કરોડ છે.

તમને જણાવી દઈએ કે ટીટાગઢ રેલ સિસ્ટમ લિમિટેડ પહેલા ટીટાગઢ વેગન્સ લિમિટેડ તરીકે ઓળખાતી હતી. કરાર પર હસ્તાક્ષર કર્યાના ૭૬ અઠવાડિયા પછી પ્રોજેક્ટ શરૂ થશે અને પ્રોજેક્ટ ૧૩૨ અઠવાડિયામાં પૂર્ણ થવાની સંભાવના છે.

સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટમાં ૩૮ સ્ટેશનો સાથે કુલ ૪૦.૪૫ કિમીની લંબાઈવાળા બે કોરિડોરનો સમાવેશ થાય છે અને તેનો અંદાજિત ખર્ચ ૧૨,૦૨૦ કરોડ રૂપિયા છે.

આ પહેલા પણ થોડા મહિના પહેલા ટીટાગઢ રેલ સિસ્ટમ્સ લિમિટેડને અમદાવાદ મેટ્રોની ડિઝાઈન, બાંધકામ, સપ્લાય, ટેસ્ટિંગ, કમિશનિંગ માટે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) તરફથી રૂ. ૩૫૦ કરોડનો ઓર્ડર મળ્યો હતો. આ કંપની રેલવે વેગન અને પેસેન્જર કોચની ઉત્પાદક છે.

લાંબા અંતરની મુસાફરીમાં થાક નહીં લાગે

# વંદે ભારતમાં હવે સ્લીપર કોચ પણ આવશે

## બેંગલુરુ સ્થિત બીઈએમએલ ફેક્ટરી ખાતે આ કોચ તૈયાર થશે, એક વખત ડિઝાઈનને મંજૂરી મળી જાય ત્યાર પછી તેનું ઉત્પાદન શરૂ કરવામાં આવશે

નવી દિલ્હી, તા.૪

વંદે ભારત ટ્રેન હવે ભારતીય રેલવેની ઓળખ બની ગઈ છે અને દેશના મોટા ભાગના વિસ્તારોમાં આ ટ્રેન દોડવા લાગી છે. અત્યંત આકર્ષક અને આધુનિક વંદે ભારત ટ્રેન અત્યાર સુધી માત્ર સિટિંગની સગવડ ધરાવતી હતી, પરંતુ હવે તેમાં સ્લીપર કોચ પણ આવશે. આગામી થોડા સપ્તાહમાં જ સ્લીપરની સુવિધા સાથે વંદે ભારત શરૂ થઈ જશે. સ્વદેશી ટેક્નોલોજીથી બનેલી આ ટ્રેન તેની હાઈ સ્પીડ અને સેફ્ટી માટે જાણીતી છે. રેલવેના સૂત્રોએ જણાવ્યું કે સ્લીપર કોચ સાથે વંદે ભારતનો એક પ્રોટોટાઈપ તૈયાર થઈ ગયો છે. બેંગલુરુ સ્થિત બીઈએમએલ ફેક્ટરી ખાતે આ કોચ તૈયાર થશે. એક વખત ડિઝાઈનને મંજૂરી મળી જાય ત્યાર પછી તેનું ઉત્પાદન શરૂ કરવામાં આવશે. વંદે ભારતના સ્લીપર વર્ઝન માટે રેલવેએ ટેન્ડર બહાર પાડ્યા હતા હતા અને બીઈએમએલને ૬૭૫ કરોડ રૂપિયાનું ટેન્ડર મળ્યું છે. તેના ભાગરૂપે રેલવેને ૧૦ વંદે ભારત સ્લીપર ટ્રેન પૂરી પાડવામાં આવશે. ૨૦ ઓક્ટોબર સુધીમાં આખી ટ્રેનનું સ્લીપર મોડેલ તૈયાર થઈ જશે તેમ માનવામાં આવે છે. અત્યાર સુધી વંદેભારત ટ્રેનમાં માત્ર બેસવાની સુવિધા આવતી હતી. તેના કારણે આ ટ્રેન મોટા ભાગે ૪૫૦થી ૭૫૦ કિમી સુધી જ દોડાવવામાં આવતી હતી. દિલ્હી અને વારાણસી વચ્ચે દોડતી વંદે ભારત સૌથી લાંબો રૂટ ધરાવે છે. તાજેતરમાં ગુજરાતમાં જામનગરથી અમદાવાદ વચ્ચે વંદે ભારત ટ્રેન શરૂ કરવામાં આવી છે. ગાંધીનગરથી મુંબઈ વચ્ચે આ ટ્રેન પહેલેથી દોડે છે.

હવે સ્લીપર ટ્રેન શરૂ થશે તો ૧૨૦૦થી ૧૫૦૦ કિમી સુધી પણ વંદેભારત ટ્રેન દોડાવી શકાશે. નવી સ્લીપર વંદે ભારતમાં ૧૧ એસી- થ્રી ટિયર કોચ હશે જ્યારે ચાર AC ટુ ટિયર કોચ હશે. ચાલુ નાણાકીય વર્ષમાં જ આ નવા પ્રકારની ટ્રેન દોડવા લાગે તેવી શક્યતા છે. સેકન્ડ એસી તરીકે ઓળખવામાં આવતા છઝ ટુ-ટિયર કોચમાં પેસેન્જરોને લકઝરી અનુભવ થશે. આ કોચનું રૂફ લાઈટિંગ, પેનલ, એસ્થેટિક વગેરે ટોપ ક્વોલિટીનું હશે જેથી લાંબા અંતર સુધી કોઈ થાક નહી લાગે. વંદે ભારત ટ્રેનના કોચ બનાવવાનું કામ જેને સોંપાયું છે તે બીઈએમએલ તેની બેંગલુરુ સ્થિત કંપનીમાં ટ્રેનનું ઉત્પાદન કરશે. આ ઉપરાંત ચેન્નાઈ ખાતે પણ આઈસીએફ કોચ બનાવવામાં આવશે. સંયુક્ત સાહસમાં કુલ ૮૦ રેક તૈયાર કરવામાં આવશે. આઈસીએફ દ્વારા કોચ તૈયાર કરવા માટે જગ્યા અને મશીનરીની ફાળવણી કરી દેવામાં આવી છે. અહીં ઓટોમેટિક વ્હિલ લાઈન મશીન, પેઈન્ટ બૂથ, ક્રેન અને શેડ ઈન્સ્ટોલ કરવાનું કામ ચાલુ છે. રેલવે મંત્રાલયે ઘણા સમય અગાઉ કહી દીધું હતું કે વંદે ભારતને લાંબા અંતર પર દોડાવવાની યોજના છે અને તે માટે કંપનીઓને સજ્જ કરવામાં આવી રહી છે.

જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓ સામેની કાર્યવાહી તેજ

# કુલગામમમાં સેના સાથેની અથડામણમાં બે આતંકી ઠાર

જમ્મુ-કાશ્મીર, તા.૪

જમ્મુ-કાશ્મીરના કુલગામમાં ભારતીય સેનાના જવાનો અને આતંકવાદીઓ વચ્ચે બપોરથી ચાલી રહેલી અથડામણમાં ૨ આતંકવાદીઓ ઠાર થયા છે. સેનાને જિલ્લાના કુજ્જર વિસ્તારમાં આતંકવાદીઓ હોવાની સુચના મળતા મોટો કાફલો ખડકી દેવાયો હતો. આ દરમિયાન બપોરે સેના અને આતંકવાદીઓ વચ્ચે અથડાણ શરૂ થઈ ગઈ હતી.

કાશ્મીર ઝોનના પોલીસે જણાવ્યું કે, સેનાના જવાનોએ ઓપરેશનમાં ૨ આતંકવાદીઓને ઠાર કર્યા છે. દરમિયાન કુજ્જરમાં બેથી ત્રણ આતંકવાદીઓ છુપાયા હોવાની મળી હતી. સેનાના જવાનો જ્યારે સર્ચ ઓપરેશન કરવા ગયા ત્યારે આતંકવાદીઓએ આડેધડ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. આ દરમિયાન સેનાએ ટીમ બનાવી ચારેકોર ઘેરો કરી લીધો હતો અને આતંકવાદીઓને સરેન્ડર કરવા પણ કહ્યું હતું, પરંતુ આતંકવાદીઓએ નાપાક હરકતને અંજામ આપવા જવાનો પર ફાયરિંગ કરી દીધું હતું. જોકે સેનાના જવાનોએ પણ વળતો જવાબ આપ્યો હતો. છેવટે સેનાએ મોટી સફળતા મેળવી ૨ આતંકવાદીઓને ઠાર કર્યા છે. કાશ્મીર ઝોનના પોલીસે જણાવ્યું કે, ઘટના સ્થળેથી આતંકવાદીઓના મૃતદેહો કબજે કરાયા છે. ઉપરાંત કુજ્જર વિસ્તારની ચારેકોરથી ઘેરાબંધી કરી દેવામાં આવી છે અને વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવાઈ રહ્યું છે. બીજી તરફ સેનાના જવાનો દ્વારા જમ્મુ જિલ્લાના રાજૌરીમાં પણ સર્ચ ઓપરેશન હાથ ધરાયું છે. સુરક્ષા દળોને રવિવારે સુચના મળી હતી કે, રાજૌરી જિલ્લામાં ત્રણથી ચાર આતંકવાદીઓ છુપાયેલા છે... ત્યારબાદ સુરક્ષા દળો અને પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરી સર્ચ ઓપરેશન હાથ ધર્યું... આતંકવાદીઓએ સોમવારે મોડી સાંજે નાકાબંધી તોડવાનો પ્રયાસ કર્યો અને આડેધડ ફાયરિંગ પણ કર્યું, જેમાં ૩ જવાનો ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્ત ૩ જવાનોમાંથી ૨ જવાનો સ્પેશિયલ ફોર્સના છે, જેઓ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

નવા વર્ષના હોદ્દેદારોની નિમણુંક માટે

# અમરેલીના ઈન્દિરા શો-સેન્ટર એસો.ની વાર્ષિક સાધારણ સભા મળી

## પ્રમુખપદે પુન : યોગેશભાઈ કોટેચાને જવાબદારી

અમરેલી, તા.૪

અમરેલી ઈન્દિરા શોપીંગ સેન્ટર વેપારી એસોશીએશનની વાર્ષિક સાધારણ સભા મળેલ. જેમાં દરેક વેપારી સભ્યો હાજર રહેલ.

યોગેશભાઈ કોટેચાએ વર્ષનાં અંતે રાજીનામું આપી તમામ હોદેદારોની સારી ટીમને બરખાસ્ત કરેલ. મીટીંગમાં હાજર દરેક સભ્યોએ યોગેશભાઈ કોટેચાને ફરી વખત પ્રમુખ પદ આપી ચાલુ રહેવાનું કહેલ અને તમામ હોદા તથા કારોબારી નવી બનાવવાની તમામ યોગેશભાઈને જવાબદારી સોપવામાં આવેલ હતી.



આમ, પ્રમુખ યોગેશભાઈ કોટેચા દ્વારા નીચેનાં ઉત્સાહીત સભ્યોને પદની જવાબદારી સોંપવામાં આવી હતી. પ્રમુખ પદે – યોગેશભાઈ કોટેચા, ઉપપ્રમુખ પદે ઘનશ્યામભાઈ રૈયાણી, હરેશભાઈ સંઘવી, હરેશભાઈ સાદરાણી, મંત્રી પદે ચતુરભાઈ અકબરી, ગીરીશભાઈ ભટ્ટ, મહેશભાઈ સોમૈયા (કાનો) મહામંત્રી પદે – જીલુભાઈ વાળા, સંગઠન મંત્રી પદે – મીતેન ગુંદરણીયા, હરેશભાઈ ટાંક, લાલભાઈ વણજારા,સહમંત્રી પદે – અશ્વિનભાઈ ભાટીયા, સતીષભાઈ આડતીયા, કાળુભાઈ રાજા, ખજાનચી પદે – મુંકુદભાઈ ગઢીયા, અંકુરભાઈ સેદાણી, કારોબારી સભ્યો પદે મેહુલભાઈ ભાટીયા, નિતીનભાઈ ખખ્ખર, નરેન્દ્રભાઈ સંઘવી, શરદભાઈ સાદરાણી, લલીતભાઈ વણજારા, પ્રવિણભાઈ સોઢા, મનસુખભાઈ વનપરીયા, જગદીશભાઈ સાવરણીવાળા, તાપસભાઈ તળાવીયા, રાજુભાઈ રાજા, અતુલભાઈ સેંજપાલ, અર્ષદભાઈ પારેખ, નિશાંતભાઈ ભટ્ટ, મયુરભાઈ કાનાબાર, નિમેષભાઈ ગોહેલ, મુકેશભાઈ ભટ્ટ, આમ ઉપરોકત તમામ સભ્યોની વરણી કરવામાં આવી અને તમાને શુભેચ્છા પાઠવવામાં આવી તેમ અખબારી યાદીમાં જણાવેલ છે.

# અમરેલી જિલ્લાના 'હાથ સે હાથ' જોડોના કન્વીનરનું સન્માન થયું




અમરેલી, તા.૪

અમરેલી ખાતે અમરેલી જિલ્લા કોંગ્રેસ ઓબીસી ડિપાર્ટમેન્ટ દ્વારા હાથ સે હાથ જોડોનાં અમરેલી જિલ્લાનાં કન્વીનર વિપુલભાઈ પોંકીયાને બનાવવામાં આવેલ તે બદલ પુષ્પહાર સન્માન કરતા અમરેલી જિલ્લા કોંગ્રેસ ઓબીસી પ્રમુખ રમેશભાઈ ગોહિલ ડી.કે.રૈયાણી અમરેલી જિલ્લા પ્રમુખ તાલુકા પ્રમુખ મનીષભાઈ ભંડેરી, જગદીશભાઈ તળાવીયા, દિલીપભાઈ બસીયા, કાળુભાઈ ગોહિલ, સવજીભાઈ ડાભી, તેમજ અમરેલી જિલ્લા ઓબીસી કાર્યકરો તેમજ તાલુકા અને શહેરના ઓબીસીના પ્રમુખ મહામંત્રી કાર્યકરો સાથે સન્માન કરવામાં આવેલ.

દેશના સૌથી વધારે પ્રદૂષિત શહેરોની યાદી જારી

# દેશના સૌથી પ્રદૂષિત શહેરોની યાદીમાં દિલ્હી, એનસીઆર ટોપ પર

નવી દિલ્હી, તા.૪

સૌથી પ્રદૂષિત શહેરોના યાદીમાં ફરી દિલ્હી, એનસીઆર ટોપ પર રહ્યુ છે. એક ઓક્ટોબર ૨૦૨૨થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૩ સુધી દિલ્હીમાં પીએમ૨.૫ ના લેવલથી ૧૦૦.૧ માઈક્રોગ્રામ્સ પ્રતિ ક્યુબિક મીટર નોધવામાં આવ્યો હતો. આ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબલ્યુએચઓ) ની લિમિટ કરતા ૨૦ ગણુ વધારે છે. તો પટના ૯૯.૭ માઈક્રોગ્રામ્સ પ્રતિ ક્યુબિર મીટર નોંધવામાં આવી હતી. આ સમાચાર સાંભળી હેરાન થઈ જશો કે દેશના સૌથી વધારે પ્રદૂષિત શહેરોમાંથી સાત જીલ્લા દિલ્હી-એનસીઆર અને બિહારના છે. આ બન્ને વિસ્તારો ઈંડો-ગેગેટિક પ્લેનનો હિસ્સો છે. મિઝોરમના આઈઝોલમાં સૌથી સાફ હવા મળે છે. ત્યા પીએમ૨.૫નુ લેવલ માત્ર ૧૧.૧ માઈક્રોગ્રામ્સ પ્રતિ ક્યુબિક મીટર નોધવામાં આવી છે. અહી સૌથી વધારે પ્રદૂષણ ઓક્ટોબરથી માર્ચમાં હોય છે. જો ૨૦૧૯ થી ૨૦૨૩ દરમ્યાન છ મોટી રાજધાનીઓમાં હવાની ગુણવતામાં સુધારો આવ્યો નથી. તો મુંબઈમાં પણ હવાની ક્વોલિટી ખરાબ થતી જોવા મળી રહી છે. પરંતુ દિલ્હી અને લખનઉમાં સુધારો જોવા મળી રહ્યો છે. ૧ ઓક્ટોબર ૨૦૨૩થી ગ્રેડેડ રિસપોન્સ એક્શન પ્લાન (જીએઆરપી)ના રિલાઈઝ વર્ઝન જાહેર કરવામાં આવ્યું હતું જેથી કરીને પ્રદુષણને રોકી શકાય.

આ શહેરમાં સૌથી વધારે પ્રદુષણ

| | |
|---|---|
| ૧. દિલ્હી | ૧૦૦.૧ |
| ૨. પટના | ૯૯.૭ |
| ૩. મુઝફ્ફરપુર | ૯૫.૪ |
| ૪. ફરીદાબાદ | ૮૯.૦ |
| ૫. નોઈડા ૭૯.૧ | |
| ૬. ગાઝિયાબાદ ૭૮.૩ | |
| ૭. મેરઠ | ૭૬.૯ |
| ૮. નલબારી | ૭૫.૬ |
| ૯. આસનસોલ | ૭૪.૦ |
| ૧૦. ગ્લાલિયર | ૭૧.૮ |

### ઘણા દિવસોથી વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રજુઆતો અને વિરોધ થઇ રહ્યો છે

# બગસરામાં સ્વામી.મંદિર, હનુમાનજી અને ગણપતિજીની મૂર્તિ તોડી પડાતા રોષ

**સ્વામીનારાયણ મંદિરનું નિર્માણ કરવા માટે મહિલા ભકતોમાં માંગ ઉભી થઇ**

**નવા મંદિરનું નિર્માણ થતા ટ્રસ્ટીઓ ઉતાવળ કરીને જુનું મંદિર તોડી નાખ્યું**

**જુના સ્થળે જ નવા મંદિરનું પુનઃ નિર્માણ કરવાની માંગ આગળ વધી રહી છે**

**સ્વામીનારાયણ મંદિરનો મામલો કોર્ટમાં હોય આગામી ૧૦ તારીખે સુનાવણી હોવાનું જાણવા મળેલ છે**






બગસરા, તા. ૪

વિશ્વ હિન્દુ પરિષદ સહિતના સંગઠનો ખફા.

મળતી માહિતી મુજબ બગસરાના નવા સ્વામિનારાયણ મંદિરના ટ્રસ્ટીઓના આદેશથી બંગલો ચોકમાં આવેલ જૂનું સ્વામિનારાયણ મંદિર તોડી પડાતા હરિભકતોમાં રોષ ભભૂકી ઉઠયો છે. મંદિરની સાથોસાથ હનુમાનજીની મૂર્તિ તોડી પાડતા વિશ્વ હિન્દુ પરિષદ સહિતના આગેવાનોએ આક્રોશ વ્યકત કર્યો છે.

રાજાશાહી વખતે દાનમાં મળેલ જગ્યા પર આજથી દોઢસો વર્ષ પૂર્વે જૂનાગઢના સ્વામી. મંદિરના ગુણાતીતાનંદ સ્વામી દ્વારા જુનાગઢ થી લાકડા મોકલેલ અને હરિભકતોના સહકારથી મંદિરનું નિર્માણ કરેલ હતું ત્યારબાદ નિયમો વિરૂદ્ધ જઇ ૧૯૬૫માં આ મંદિરનું ટ્રસ્ટ બનાવી નાખેલ અને બે સંતો સહિતના ચારને આજીવન ટ્રસ્ટી બનાવી દીધા હતા. ટ્રસ્ટીઓના ઉપરોકત નિર્ણય અંગે પૂછતા જણાવેલ કે આર્ટિટેકના અભિપ્રાય મુજબ મંદિર સજર્જરીત હોવાથી તોડી પાડેલ છે તો શું બે ચાર દિવસમાં મંદિર પડી જાય તેમ હતું ? એવા સવાલો ઉઠી રહ્યા છે જયારે હનુમાનજીની અને ગણેશજીની મૂર્તિ તોડી પાડવા અંગે પૂછતા જણાવેલ કે પ્રથમ એવું કહેલ કે મૂર્તિ ખંડિત થઈ ગઈ હતી. મૂર્તિ અપૂજનીય હતી. જયારે આ બાબતે જૂના મંદિરમાં હરિભકતો દિનેશ પરમાર એ જણાવેલ કે આ મૂર્તિ ૧૦૭ વર્ષ પુરાણી હતી અને આખા હિન્દુસ્તાનમાં આવી મૂર્તિ ફકત ચાર જગ્યાએ જોવા મળી છે છતાં તેને તોડી નાખવામાં આવી છે.

## આજે વિશ્વ શિક્ષક દિન

### શિક્ષક કયારેય સામાન્ય ન હોય



૫ ઓકટોબર એટલે ‘ આંતરરાષ્ટ્રીય શિક્ષક દિન. આ દિવસે ૧૯૬૬ના રોજ ટીચિંગ ઈન ફ્રિડમ નામની એક સંધી પર હસ્તાક્ષર થયા હતા. આ આંતરરાષ્ટ્રીય સંમેલનમાં ટીચિંગ ઈન ફ્રિડમ સંધી હેઠળ શિક્ષકોનાં અધિકારો, જવાબદારી અને શીખવા–શીખવવાનો માહોલ ઉભો કરવા જેવી બાબતોનો સમાવેશ થતો હતો. ૫ ઓકટોબર ૧૯૯૭નાં રોજ આયોજીત આ સંમેલનમાં યૂનેસ્કોએ ઉચ્ચતર શિક્ષણ સાથે જોડાયેલા શિક્ષકોની સ્થિતિને લઈને વર્ગીકરણ કર્યુ હતું. માણસને સંસ્કાર આપીને સારો નાગરિક બનાવવામાં શિક્ષણનો મોટો ફાળો છે.આથી શિક્ષણને પ્રોત્સાહન આપવાનાં હેતુથી યુનેસ્કો દ્વારા દર વર્ષે શિક્ષક દિન ઉજવાય છે.

જો કે વિશ્વનાં જુદા જુદા દેશોમાં શિક્ષક દિન અલગ તારીખે પણ ઉજવાય છે જેમાં ભારતમાં મહાન કેળવણીકાર અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સ્વ.ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં તેમનો જન્મદિન ૫ સપ્ટેમ્બરને "શિક્ષક દિન" તરીકે ઊજવાય છે. સમાજનું ઘડતર કરનાર અને સમાજને સુરક્ષિત રાખવામાં મોટામાં મોટો ફાળો હોય તો એક શિક્ષકનો છે. આજનો દરેક વિદ્યાર્થી ભવિષ્યનો નાગરિક છે. તે સમગ્ર દેશનો આધાર સ્તંભ છે. તે ઈમારતનો એક પાયો છે. એ પાયાને મજબૂત કરવાનું કામ શિક્ષક કરે છે. તેઓ ઈમારતનું પાકું ચણતર કરી તેને કદી ડગવા દેતા નથી. ખુબ સાદી અને સરળ રીતે કહી શકાય કે જે શિક્ષા આપે તે શિક્ષક. જે જીવન ઘડતરમાં મદદરૂપ થાય અને જીવનનાં મૂલ્યોની સાચી સમજ આપે એ શિક્ષક. શિક્ષકનું યોગદાન સમાજમાં ઘણું મહત્વનું છે. ભગવાન શ્રીરામ અને શ્રીકૃષ્ણએ પણ શિક્ષા મેળવવા માટે બાળપણમાં પોતાનું ઘર છોડીને શિક્ષા મેળવી અને પોતાનાં જીવનને સાર્થક બનાવ્યુ. વિદ્યા જેવુ અમૂલ્ય ધન મેળવવા માટે આપણે હંમેશા એક સારા ગુરૂની શોધ કરતા હોઈએ છીએ, કારણ કે એક સારા શિક્ષક જ ભવિષ્યનું નિર્માણ કરી શકે છે. આચાર્ય ચાણકય કહેતા કે શિક્ષક કયારેય સામન્ય નથી હોતા, પ્રલય અને નિર્માણ હંમેશા એનાં ખોળામાં રમે છે. સારા શિક્ષક એ જ છે કે જે કાર્ય કરતા પહેલા વિચારે છે, કાર્ય કરતી વખતે વિચારે છે, અને કાર્ય કર્યા બાદ પણ તેનું જ ચિંતન કરે છે. આજે લોકો શિક્ષણ પ્રત્યે જાગૃત છે પણ આ ક્ષેત્રમાં હજુ ઘણું કરવાનું બાકી છે. આજનું શિક્ષણ આપણને ભૂતકાળ સાથે જોડે છે, પરંપરા સાથે જોડે છે પરંતુ ભવિષ્ય સાથે બહુ ઓછુ નિસ્બત રાખે છે. ખરેખર તો અત્યારે શું કરવું જોઈએ તેનાં પર પણ શિક્ષણમાં સંશોધન કરવું જરૂરી છે. ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ,ગુરૂ દેવો મહેશ્વરા, ગુરૂ સાક્ષાત પરબ્રહ્મા, તસ્મૈઃ શ્રી ગુઢદેવ નમઃ

ગુરૂ ગોવિન્દ દોનોં ખડ઼ે, કાકે લાગૂં પાઁય।

બલિહારી ગુરૂ આપનો, ગોવિંદ દિયો બતાય ।।

**– મિત્તલ ખેતાણી**

**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### ૪૦ જેટલી કારના કાફલા સાથે અધિકારીઓનું આગમન

# સાવરકુંડલા ખાતે આવકવેરા અને જીએસટી વિભાગ દ્વારા ચેકિંગ હાથ ધરાતા ફફડાટ

### તટસ્થ તપાસ થાય તો કરોડોના બે નંબરના વ્યવહારો ઝડપાવાની સંભાવના

સાવરકુંડલા, તા.૪, સાવરકુંડલા શહેરના નેસડી રોડ, અમરેલી રોડ તેમજ ભુવા રોડ ખાતે આવેલ લોખંડ અને ખેતીના સાધનો બનાવતા મોટા મોટા કારખાના ઓમાં ઈન્કમ ટેકસ ડિપાર્ટમેન્ટ રાજકોટ તેમજ જીએસટી વિભાગ અમદાવાદના અધિકારીઓ દ્વારા ૪૦ કરતા વધુ ગાડીઓ સાથે રેડ કરવામાં આવતા સાવરકુંડલા શહેરમાં લોખંડ, ઈલેકટ્રોનિક સ્કેલ અને કાંટા ઉધોગ તેમન ખેતીના સાધનો બનાવતા કારખાનેદારોમાં ભારે ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. સાવરકુંડલા શહેરના નેસડી રોડ, અમરેલી રોડ તેમજ ભુવા રોડ ખાતે આવેલ મોટા મોટા કારખાના ઓમાં આઈ.ટી. અને જી.એસ.ટી.વિભાગ દ્વારા રેડ કરવામાં આવી હતી.બપોરના સમયે રાજકોટ અને અમદાવાદની ટીમો દ્વારા રેડ કરવામાં આવતા કારખાનામાં કામ કરતા કારીગરોના ફોન લઈ લેવા આવ્યા હતા તેમજ કારીગરો, મજૂરો અને માલિકોને મોડી રાત સુધી બહાર આવવા જવા દેવામાં આવ્યા ન હતા ઉપરાંત તે લોકોનું જમવાનું ટિફિન પણ આઈ.ટી.અને જી.એસ.ટી. વિભાગ દ્વારા રેડ સ્થળો પર મંગાવી દેવામાં આવ્યા હતા સાવરકુંડલામાં લોખંડની ચીજ વસ્તુઓમાં નામના ધરાવતી પેઢીઓ અને કારખાનામાં રેડો કરવામાં આવતા કરોડો રૂપિયાના બે હિસાબો મળી આવે તેવું જાણકારોનું માનવું છે

## સાવરકુંડલાના ગાયક અનવરખાન પઠાણનો આજે જન્મદિવસ



સાવરકુંડલા, તા. ૪

કલા અને કલમનો સમન્વય ધરાવતા સાવરકુંડલા શહેરના અવાઝની દુનિયાના માણિગર અનવરખાન પઠાણનો આજે જન્મદિવસ. એકાવન વર્ષ પૂર્ણ કરીને આજે બાવનમાં વર્ષમાં સુખરૂપ પ્રવેશ. એવાં અનોખા અવાઝની દુનિયાના દિલકશ દિલદારની વાત છે. આ જન્મદિવસ પણ હવે સાવરકુંડલાને મન ખાસ છે.આમ તો સાવરકુંડલા શહેર એટલે કલા, કાંટા અને કર્મવીરોની ભૂમિ. આ નાવલીનાં કાંઠે અવાઝની એક અનોખી દુનિયા પ્રસ્થાપિત કરી સમગ્ર સાવરકુંડલા શહેરને ગૌરવવંતુ કરવાનો જો કોઈને જશ આપવો હોય તો બેશક અનવરખાન પઠાણનું નામ દરેકના હૈયે આવે જ.. ‘આવાઝ કી દુનિયા કે દોસ્તોં’ ઈસ કદર ઉસને યે ઉપલબ્ધિ પાઇ હૈ.. સાવરકુંડલા શહેર ઉસકા સદા કે લિયે શુક્રગુઝાર હૈ.કેટલાયે હિંદી ફિલ્મનાં શહેનશાહ તરીકે પંકાતા રાજકુમાર, દિલીપ કુમાર, શત્રુઘ્ન સિંહા, પ્રાણ, અમરીશપુરી, રાજેશ ખન્ના, શાહરૂખખાન અને પદ્મશ્રી કવિ ખલિલ ધનતેજવી જેવાં દિગ્ગજ કલાકારોનાં સ્વરની કોપી કરવી એ પણ એક અનોખી કલા છે. જે જવલ્લેજ કોઈ વ્યકિતમાં જોવા મળે છે. ‘અનવરખાન એ પૈકીનું સાવરકુંડલા શહેરનું અણમોલ આભૂષણ છે.’ લોકોને જકડી રાખતો એક જ અવાઝ એટલે અનવરખાન પઠાણ મહેફીલમાં જયારે માઈક સંભાળે ત્યારે શ્રોતાઓ તેની કલાથી મંત્રમુગ્ધ થઈ અને સમયનું સાનભાન ભૂલી જતાં હોય છે. વન્સ મોર.. વન્સ મોર નાં નારા સાથે સમગ્ર ઓડિયન્સ ગુંજી ઊઠતું જોવા મળે છે. અનવરખાન પઠાણને મો. ૯૫૭૪૪ ૬૦૭૬૬ પર અભિનંદન વર્ષા થઈ રહી છે.

## અમરેલીનાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ફર્ટિલાઈઝર ડીલર્સ માટે બેચનો પ્રારંભ



અમરેલી, તા. ૪

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ એગ્રીકલ્ચર યુનિવર્સિટી, અમરેલી ખાતે આજે ૧૫ દિવસીય સર્ટિફિકેટ કોર્ષ ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટિલાઈઝર ડીલર્સ માટે ચોથી બેચનું ઉદઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે જુનાગઢ એગ્રીકલ્ચર યુનિવર્સિટી જુનાગઢ નાં વિસ્તરણ શિક્ષણ નિયામક તથા કોર્ષ ડાયરેકટર ડો. એન.બી. જાદવ, સહ વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એચ.સી. છોડવડિયા, કોલેજ ઓફ એગ્રિકલચર, મોટા ભંડારીના આચાર્ય ડો. એ.એસ. દુધાત, સંશોધન વૈજ્ઞાનિક ડો. વી.એન. ગોહિલ, સહ પ્રાધ્યાપક ડો. જે.જે. વાઘાણી તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલીનાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. પી.જે. પ્રજાપતિ તથા કેવીકેનો સર્વ સ્ટાફ હાજર રહ્યો હતો. આ ઉદઘાટન સમારોહમાં અધિકારીઓ ધ્વારા તાલીમાર્થીઓને સંકલિત પોષણ વ્યવસ્થાપન વિષે તથા કોર્ષનું મહત્વ વિશે માહિતી આપવામાં આવી અને ખેડૂતોને ખાતરો વિશે યોગ્ય માર્ગદર્શન મળે તેવો અનુરોધ ઈનપુટ ડિલરોને કરવામાં આવ્યો.

# સાવરકુંડલા સ્થાનકવાસી જૈન સંઘને આગણે ૭૨ ઉપવાસના પારણા ઉત્સવ






સાવરકુંડલા દશાશ્રીમાળી જૈન સંઘનાં આંગણે રૂપાબાઈ સ્વામી, પનનાબાઈ સ્વામી તથા ચંદનીબાઈ સ્વામી બિરાજમાન છે. અને સારો એવો ધર્મ લાભ આપી રહયા છે. ચાંદનીબાઈ સ્વામી એટલે સાવરકુંડલાનું ગૌરવ સાવરકુંડલાના જ અંબાણી પરિવારની દીકરી દ્વારા ૭૨ ઉપવાસ કરી ભવ્ય શ્રેણી તપની સાધના કરેલ. આ શ્રેણી તપના સાધનાના પારણા પ્રસંગે તા.૨૯/૧૦/૨૦૨૩ના રોજ દશાશ્રેમાળી જૈન બોર્ડિંગ ખાતે ભવ્ય પારણા ઉત્સવ ઉજવામાં આવેલ આ પ્રસંગે રાજકોટ અમરેલી વિવિધ સંઘો ઉપસ્થિત રહેલ.

# એપીએમ ટર્મિનલ્સ પિપાવાવે ટ્રેડ મીટનું આયોજન કરીને પોર્ટની કામગીરીમાં શ્રેષ્ઠતા દર્શાવી





પિપાવાવ, ભારતના અગ્રણી પોર્ટ ઓપરેટરોમાંના એક એપીએમ ટર્મિનલ્સ પીપાવાવે અમદાવાદ કસ્ટમ બ્રોકર્સ એસોસિએશન (એસીબીએ), શિપિંગ લાઈન્સ અને સીએફએસનાં પ્રતિષ્ઠિત સભ્યોની પોર્ટ પર યજમાની કરી હતી. પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રકચરની જાગૃતતા વધારવા, પોર્ટનાં વ્યાપક પ્રવાસ દ્વારા જેટીથી યાર્ડ અને યાર્ડથી ગેટ સુધી પોર્ટ પર સંકળાયેલી વિવિધ પ્રક્રિયાઓ દર્શાવવા માટે આ મીટરનું આયોજન કરવામાં આવ્યું હતું. તેણે એપીએમ ટર્મિનલ્સ પીપાવાવનો પર્યાય બનેલા પોર્ટ ઓપરેશન એન સેવાઓનો ઉત્કૃષ્ટ અનુભવ અને સમજ પુરી પાડી હતી.પોર્ટ પરની ક્રોસ ફંકશનલ ટીમોએ પીપાવાવમાં અને તેની આસપાસ ઈન્ફ્રાસ્ટ્રકચર, રોડ/રેલ એન કોસ્ટલ કનેકિટવિટી, મુખ્ય લાઈન કન્ટેનર સેવાઓ, સીએફએસ/વેરહાઉસિંગ ઈન્ફ્રાસ્ટ્રકચરની જોગવાઈ અને ઉભરતી ઈકોસિસ્ટમમાં સર્વિસીઝ પરના લેટેસ્ટ ડેવલપમેન્ટસ પર ગ્રાહકો અંગે તેમના પ્રશ્નોના ઉતરો આપવા અને ચર્ચાઓ માટે ગ્રાહકો સાથે જોડાઈ હતી. ગ્રાહકોએ જેટી પર લાઈવ કામગીરી નિહાળી હતી અને પોર્ટ પર કસ્ટમર ફ્રેન્ડલી પ્રોસેસીસ, ફલેકિસબલ ઓપરેશન્સ, ઓછી ટીએટીની પ્રશંસા કરી હતી. સારા ચોમાસાનાં પગલે વેપાર દ્વારા કૃષિ નિકાસમાં વધારો અને પીપાવાવ પોર્ટ થકી કન્સોલિડેશન બિઝનેશમાં તીવ્ર વૃદ્ધિની અપેક્ષા છે જે આ ક્ષેત્રોમાં, ખાસ કરીને એશિયન, મધ્ય પુર્વ અને યુરોપીયન બંદરોમાં નિકાસ વોલ્યુમમાં વૃદ્ધિની તરફેણ કરે છે. ટ્રેડ મીટ ખુબ જ ઉત્સાહ સાથે સંપન્ન થઈ જેમાં તમામ મહાનુભાવોને દિવના સુંદર ટાપુ પર એક મનમોહક સફર કરાવવામાં આવી હતી. આ ઈવેન્ટ એપીએમ ટર્મિનલ્સ પીપાવાવની મજબૂત ભાગીદારી બનાવવા, ઈન્ડસ્ટ્રી ટ્રેન્ડ્સ પર ચર્ચા યોજવા અને ગુજરાતમાં વાઈબ્રન્ટ મેરીટાઈમ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવાના સમર્પણનું પ્રતીક છે.

## સાવરકુંડલા : પીરેતરીકત દાદાબાપુની શુભેચ્છા મુલાકાત લેતા લલ્લુભાઈ શેઠ મંદિરનાં ટ્રસ્ટીઓ



સાવરકુંડલા, તા. ૪

પીરે તરીકત દાદાબાપુ સાહેબનાં નિવાસસ્થાને શુભેચ્છા મુલાકાત લેતા લલ્લુભાઈ આરોગ્ય મંદિરનાં ટ્રસ્ટી ભરતભાઈ તેમજ ડો. દિપકભાઈ શેઠ, ઉદ્યોગપતિ ધાખડા વાપીએ લીધી.

આ તકે ફૈજે મુહંમદી એજયુકેશન ટ્રસ્ટનાં ટ્રસ્ટી હાજી કાસમાની અશરફભાઈ હાજી રાજુભાઈ મલેક, બોદર, કાદરબાપુ કાદરી, હાજી ગફારભાઈ જાદવ, ડી.જે. પઠાણ, દિલાવરભાઈ ગોરી, માજી કાઉન્સિલર મુસ્તાકભાઈ જાદવ વગેરે હાજરી આપી નિઃશુલ્ક હોસ્પિટલમાં દાન આપેલ.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં યુવકે ખોટી ઓળખ આપી**

મોબાઈલ ફોન કરી તાજ પેપર નામની કંપનીનાં નામે ખોટી ઓળખ આપી યુવકને તથા તેમના મિત્રને વિશ્વાસમાં લઈ અને ગુગલ પે તથા બેન્ક એકાઉન્ટમાંથી બદદાનતથી જુદી–જુદી રકમનાં ટ્રાન્જેકશન કરાવી રૂા. ૭૦,૦૪૦ની રકમ મેળવી લઈ વિશ્વાસઘાત– છેતરપીંડી કર્યાની અમરેલીનાં યુવકે ૩ અજાણ્યા ઈસમો સામે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાઈ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૩૨૬ |
| ૩ | શિંગદાણા | ૯૦૦ | ૧૬૬૦ |
| ૪ | તલ સફેદ | ૨૧૪૦ | ૩૨૩૧ |
| ૫ | તલ કાળા | ૨૯૯૦ | ૩૨૬૦ |
| ૬ | બાજરો | ૩૫૭ | ૪૦૦ |
| ૭ | ઘંઉ ટુકડા | ૪૨૫ | ૫૭૭ |
| ૮ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૬૪ |
| ૯ | મકાઈ | ૩૯૬ | ૩૯૬ |
| ૧૦ | મગ | ૧૦૦૦ | ૨૧૫૫ |
| ૧૧ | અડદ | ૧૦૦૦ | ૧૭૯૦ |
| ૧૨ | ચણા | ૯૮૦ | ૧૨૬૫ |
| ૧૩ | તુવેર | ૧૦૦૦ | ૨૧૧૫ |
| ૧૪ | કપાસ | ૯૪૨ | ૧૫૬૨ |
| ૧૫ | એરંડા | ૧૦૩૫ | ૧૧૫૬ |
| ૧૬ | ધાણા | ૬૫૫ | ૧૨૮૦ |
| ૧૭ | અજમા | ૨૬૮૦ | ૨૯૮૦ |
| ૧૮ | મેથી | ૧૦૦૦ | ૧૦૯૦ |
| ૧૯ | સોયાબીન | ૬૮૦ | ૮૮૧ |

પાના ૧ ઉપરનું ચાલું **સાવરકુંડલાનાં વજલપરામાં**

ધોરણે ફાયર ફાઈટર તેમજ નગરપાલિકા સદસ્ય અને કાર્યકર્તાઓની ટીમ આવી પહોંચી હતી. આ ઉપરાંત પીજીવીસીએલની ટીમ પણ તાત્કાલિક આવી જતા વીજ કનેકશન કટ કરવામાં આવ્યું હતું અને એકાદ કલાકની જહેમત બાદ આગ કાબુમાં આવી હતી. મકાન લાકડા અને વિલાયતી નળિયાનું હોય કાટમાળને મોટું નુકસાન થયું હતું ઉપરાંત ઘરવખરીને પણ મોટે પાયે નુકસાન થયું હતું. સદભાગ્ય કોઈ જાનહાનિ થઈ ન હતી. આગ બુઝાવવામાં નગરપાલિકાની ટીમના સભ્યો ભાવેશભાઈ કવા અને ભુપતભાઈ પાનસુરીયા, બળવંતભાઈ સહિતના સામાજિક આગેવાનોએ ખાસ જહેમત ઉઠાવી હતી.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૮૫ | ૧૫૧૨ |
| ૨ | મગફળી | ૯૧૧ | ૯૫૫ |
| ૩ | ઘઉં | ૩૯૧ | ૫૨૫ |
| ૪ | ચણા | ૧૦૧૬ | ૧૧૫૫ |
| ૫ | બાજરો | ૩૭૫ | ૪૨૧ |
| ૬ | મગ | ૧૬૩૫ | ૧૬૩૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૫૦ | ૧૬૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૭૮૫ | ૩૦૭૫ |
| ૩ | મગ | ૧૬૩૦ | ૨૧૦૦ |
| ૪ | અડદ | ૧૬૬૦ | ૧૮૦૦ |
| ૫ | ઘઉં | ૪૩૪ | ૫૦૬ |
| ૬ | ચણા | ૯૨૨ | ૧૧૨૮ |
| ૭ | બાજરો | ૩૪૫ | ૪૦૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૩૧૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૪૯૪ |
| ૩ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૨૫૦ |
| ૪ | તલ કાળા | ૩૩૫૦ | – |
| ૫ | જીરૂ | ૮૦૦૦ | ૧૦૦૦૦ |
| ૬ | કપાસ | ૧૧૫૧ | ૧૫૫૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૯૫ | ૫૪૭ |
| ૮ | બાજરો | ૩૨૫ | ૩૯૦ |
| ૯ | જુવાર | ૭૮૦ | ૮૫૦ |
| ૧૦ | ચણા | ૯૯૫ | ૧૦૫૦ |
| ૧૧ | સોયાબીન | ૮૬૦ | ૯૨૫ |

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીમાં મેલેરીયા, ડેન્ગ્યુ અને ચિકનગુનીયાને**

ટીમ મારફતે શહેરની ખાનગી હોસ્પિટલો, શોપિંગ સેન્ટરો અને સરકારી બિલ્ડીંગોની પણ મુલાકાત લેવામાં આવી હતી અને તેમાં પણ પોઝિટિવ પાત્રો જોવા મળેલ.

ડેન્ગ્યુ અને ચિકુનગુનીયાના મચ્છર ચોખ્ખા, ખુલ્લા અને સ્થિર પાણીમાં જ ઈંડા મુકતા હોવાથી ઘરમાં પાણી સંગ્રહમાં પાત્રો, અગાસી, છત, છાજલીમાં રાખેલ જુના ભંગાર પાત્રો, ટાયરો, ફ્રિજ અને કુલરની ટ્રે, નારીયેળ ની ખાલી કાચલીઓ, પક્ષીઓ માટે મુકવામાં આવતા પક્ષી કુંજ અને પશુઓ માટે મુકવામાં આવતી કુંડીઓ મચ્છરો, બંધ મકાનો અને કોમનપ્લોટ, સાર્વજનિક જગ્યાઓ, કોમર્સીયલ કોમ્પ્લેક્ષો, બાંધકામ સાઈટો વગેરેમાં ખુલ્લામાં પડી રહેલ પાત્રો, વાસણ, ભંગારમાં પાણીનો ભરાવો થતાં મચ્છર ઉત્પતિ સ્થાનો બને છે. લોકો જો પોતાની જવાબદારી સમજી પોતાના ઘર, દુકાન, ઓફિસની આસપાસના વિસ્તારોમાં ધ્યાન રાખી કયાંય પણ પાણીનો ભરાવો થવા ન દે, તમામ પાત્રો હવાચુસ્ત ઢાંકીને રાખે અને ટાયરો અને બીજો નકામો ભંગાર નિકાલ કરે અને મચ્છરોના ડંખથી સ્વબચાવની કાળજી રાખે તો મેલેરીયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનીયાનો ફેલાવો સહેલાઈથી ઘટાડી શકાય તેમ છે.

આગામી સમયમાં દર અઠવાડિયે આ રીતે ટીમવર્ક દ્વારા સઘન સર્વેલન્સ, પોરાનાશક કામગીરી અને આરોગ્ય શિક્ષણ હાથ ધરી વાહકજન્ય રોગ અટકાયતી કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે. ત્યારે લોકો પણ આ કામગીરીમાં સહકાર–યોગદાન આપે એ માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને જિલ્લા મેલેરીયા અધિકારી દ્વારા અપીલ કરવામાં આવે છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૬૦ | ૧૫૧૧ |
| ૨ | મગફળી | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ૩ | તલ સફેદ | ૩૨૬૧ | ૩૨૬૧ |
| ૪ | ઘઉં | ૪૭૫ | ૪૭૫ |
| ૫ | અડદ | ૧૬૨૦ | ૧૬૨૦ |
| ૬ | ચોળી | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૭ | સોયાબીન | ૮૭૦ | ૮૭૦ |
| ૮ | રાય | ૮૫૦ | ૮૫૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૫૧૫ |
| ૨ | ચણા | ૧૦૨૫ | ૧૧૩૩ |
| ૩ | અડદ | ૧૧૦૦ | ૧૩૫૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૪૭૫ |
| ૫ | સોયાબીન | ૭૦૦ | ૮૬૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૧ |
| ૭ | મગફળી | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ૮ | મગ | ૧૦૮૦ | ૧૧૭૦ |
| ૯ | ધાણા | ૮૯૯ | ૧૧૩૨ |
| ૧૦ | શીંગદાણા | ૧૫૦૧ | ૧૬૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું **પિપાવાવ પોર્ટની અંદર આવેલ**

કરતા માટીનું સૌથી મોટું કૌભાંડનો પર્દાફાશ થાય તેવી શકયતા છે. અહી માટી ગેરકાયદેસર રીતે ઉપાડી મંજૂરી વગર હેરાફેરી કરતા હતા અને રામપરા ગામના સરપંચ દ્વારા આક્ષેપ કર્યો છે. માટીનો જથ્થો ગૌચરણ જમીનમાં એકત્ર કર્યો છે મંજૂરી વગર માટી ઉઠાવવાનું કૌભાંડ હોવાની રજૂઆતો કરી હતી. ખાણ ખનીજ વિભાગ દ્વારા કાયદેસરની કાર્યવાહી શરૂ કરી કામ અટકાવી દીધું અને વાહનો સિઝ કર્યા. જેમાં માટી ઉઠાવતા હિટાચી મશીનો, ક્રેઈન જેવા મશીનો સહિત વિવિધ સામગ્રી સિઝ કરી મોટી કાર્યવાહી પ્રથમ વખત થતાં પિપાવાવ આસપાસ આવેલ ઉધોગ જોનમાં ફફડાટ ફેલાયો છે. સમગ્ર મામલે અમરેલી ખાણ ખનીજ વિભાગના રોયલ્ટી ઈન્સ્પેકટર ભાવેશ સાધુ, રાજુલા તાલુકા વિકાસ અધિકારી હિતેશ પરમાર, રામપરા ગામના સરપંચ સહિત લોકો દોડી આવ્યા હતા.

રોયલ્ટી ઈન્સ્પેકટર ભાવેશ સાધુનો સંપર્ક કરતા કહ્યું સરપંચની રજૂઆતો હતી હાલમાં અહીં મશીનરી સિઝ કરી છે. સરપંચનું કહેવું છે ગૌચરણ જમીન છે તપાસ કરી રહ્યા છીએ માટીનો જથો કેટલો છે તેની માપણી પણ કરી લેવાય છે આવતી કાલે કંપનીને ખુલાસો કરવા માટે નોટિસ આપીશુ નોટિસ બાદ દંડની કાર્યવાહી થશે.


## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **મીનબેન અશોકભાઈ વણઝારા** રહે. અમરેલીવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી ચકકરગઢ રોડ, એન્જલ રેસીડેન્સી–૪
રે. સર્વે.નં. ૩૩૨ સીટી સર્વે નં. NA/૩૩૨/૨૫૬/૬
જેના ચો.મી. ૮૫–૧૬
રજી. દસ્તાવેજ નં. ૪૧૪૪ તારીખ : ૩૧/૦૭/૨૦૨૩

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ (૧) પોપટભાઈ લાલજીભાઈ હિરપરા (૨) બાબુભાઈ લાલજીભાઈ હિરપરાનાં કુલમુખત્યાર તથા જાતે મગનભાઈ લાલજીભાઈ હિરપરા (૪) દકુભાઈ કાનજીભાઈ હિરપરાનાં કુલમુખત્યાર તથા જાતે કાળુભાઈ કાનજીભાઈ હિરપરા (૬) હસમુખભાઈ મધુભાઈ હિરપરા (૭) માધવજીભાઈ મોહનભાઈ હિરપરાનાં કુલમુખત્યાર બળવંતભાઈ માધવજીભાઈ હિરપરા પાસેથી ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેનાં કુલમુખત્યારનામાં ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતા.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૦૪/૧૦/૨૦૨૩
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

કે.વી. કેશરીયા
એડવોકેટ


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ કાળા | ૨૩૮૦ | ૨૩૮૦ |
| ૨ | કપાસ | ૯૦૦ | ૧૫૨૭ |
| ૩ | બાજરો | ૩૬૭ | ૪૧૬ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૬૫ |
| ૫ | જુવાર | ૮૦૦ | ૧૧૦૨ |
| ૬ | મકાઈ | ૪૫૦ | ૪૫૦ |
| ૭ | મગ | ૧૭૦૦ | ૧૭૨૮ |
| ૮ | અડદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૯ | તુવેર | ૨૦૦૦ | ૨૦૦૦ |

# અમરેલીનાં ગાયત્રી શકિતપીઠ સ્થિત 'દક્ષેશ્વર મહાદેવ'ના આશીર્વાદ લેતા કેન્દ્રીય મંત્રી રૂપાલા






અમરેલીના ગાયત્રી શકિતપીઠ સ્થિત દક્ષેશ્વર મહાદેવ મંદિરના આંગણે ભોળાનાથના દર્શનાર્થે કેન્દ્રીય મંત્રી રૂપાલા, સાસંદ કાછડીયા, ભાજપા પ્રમુખ રાજેશ કાબરીયા, ગાયત્રી મંદિરનાં ટ્રસ્ટી મનિષ સંઘાણી, ઉપસ્થિત રહયા હતા. આ તકે બાબુભાઈ રાજયગુરૂ દક્ષાબેન ચાવડા અને હિરેનભાઈ ચાવડાએ મહાનુભાવોનું સ્વાગત કરેલ.

# અમરેલીના હાઉસીંગ બોર્ડના રહેવાસીઓ દ્વારા કૌશિક વેકરિયાનું સન્માન






અમરેલી શહેરનાં સ્ટેશન રોડ ઉપર આવેલ ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા બનાવવામાં આવેલ આવાસો જર્જરીત અને જોખમી બની ગયા હોય આવાશો નવા બનાવી દેવા સોસાયટીના રહીશો દ્વારા સરકારમાં અવાર–નવાર રજુઆતો કરી હતી. ઘણા સમયથી કોઈ ઉકેલ ન આવતા સોસાયટીના પ્રમુખ રેખાબેન શિંગાળા તેમજ બીજા રહીશો દ્વારા ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાને રજુઆત કરતા કૌશિકભાઈ વેકરીયાએ જાતે આવાસોનું નિરીક્ષણ કરતા આવાસો જોખમી બની ગયા હોવાનું સામે આવ્યું હતું. આ અંગે કૌશિક વેકરીયાએ સરકારમાં રજુઆત કરી આ આવાસો નવા બનાવવા માટે સાડા પાંચ કરોડ મંજુર કરાવ્યા હતા. કૌશિકભાઈના પ્રયાસોથી આવાસો નવા બનાવવાનું જાહેર થતાં સોસાયટીના પ્રમુખ રેખાબેન શિંગાળા, પીન્ટુભાઈ સહિતનાં રહેવાસીઓ દ્વારા ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા મુકેશભાઈ સંઘાણી તથા નગરપાલિકાનાં સભ્યોનો સન્માન સમારંભ રાખવામાં આવ્યો હતો. જેમાં એસોસિએશનના તમામ સભ્યો દ્વારા ધારાસભ્ય કોશિકભાઈ વેકરીયાનું સન્માન કરી તેનો આભાર માન્યો હતો.

## સાવરકુંડલા ખાતે અનુ.જાતિનાં બુદ્ધિજીવો અને શુભચિંતકોની મહત્વની બેઠક યોજાઇ



સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા અનુસૂચિત જાતિ સમાજના બુદ્ધિજીવો અને ચિંતકો અને કર્મચારીની એક ચિંતન શિબિરનું આયોજન ગાંધી ધર્મશાળા સાવરકુંડલા ખાતે યોજાઈ ગયેલ.

જેમાં અધ્યક્ષ સ્થાને એમ.કે. રાઠોડ, નિવૃત્ત મામલતદાર કે.બી. બાબરીયા, નિવૃત્ત કસ્ટમ સુપ્રિટેન્ડેટ ધરમશીભાઈ ધાપા, ઓબીસી હકક અધિકાર જાગૃતિ અભિયાન સુરેશભાઈ રેડિયાવાળા, ઓબીસી હકક અધિકાર અને અરજણભાઈ વિંઝુડા લીખાળાએ સમાજના લોકોને ડોકટર બાબા સાહેબ આંબેડકર દ્વારા આખી જિંદગી વિરોધીઓ સામે સંઘર્ષ કરી અનુસૂચિત સમાજ માટે જે વ્યવસ્થાના નિર્માણ કરેલી તેની આજે શું સ્થિતિ છે, કેટલી અમલવારી થઈ કેટલી અમલવારી બાકી છે અને અમલવારી નહીં કરીને કેટલું નુકસાન કર્યુ છે, વ્યવસ્થા કેટલી તોડી નાખી છે, કોણે તોડી નાખી છે, તે બાબતોની વિસ્તૃત ચર્ચા કરીને ફરીથી વ્યવસ્થા કઈ રીતે નિર્માણ કરવી તે બાબતનું સચોટ માર્ગદર્શન તજજ્ઞો દ્વારા પોસ્ટમોર્ટમ રિપોર્ટ તૈયાર કરી માર્ગદર્શન આપેલ આ શિબિરનું સંચાલન પ્રવીણભાઈ ચાવડા અને વિનોદભાઈ વિંઝુડા એ કરેલ આભારવિધિ મુકેશભાઈ ધાગડીયાએ કરેલ.

## સાવરકુંડલા ખાતે વીરશહીદ દિલીપભાઈ શીરને વિરાંજલિ અપાઇ



સાવરકુંડલા, તા. ૪

તાજેતરમાં કોબ્રા કમાન્ડોની ફરજ બજાવતા ઝાંઝેરા ગામના વતની વીર શહીદ દિલીપભાઈ ગોવાભાઈ શીરને સાવરકુંડલા સગર સમાજની વાડી ખાતે સગર સમાજ દ્વારા વિરાંજલિ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં સગર સમાજના આગેવાનો તથા યુવાન મિત્રો જોડાયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા વિજયભાઈ રાઠોડ તેમજ ભુપતભાઈ ચુડાસમા દ્વારા સારી એવી જહેમત ઉઠાવવામાં આવી હતી સાથે સાથે અન્ય જ્ઞાતિના લોકો પણ ખાસ ઉપસ્થિત રહયા.

લોકોની બહોળી સંખ્યામાં શહીદ વીર દિલીપભાઈને શ્રધ્ધાંજલિ અપાઈ હતી.

### સાસંદ, ધારાસભ્યનાં વરદ્ હસ્તે

## સાવરકુંડલાના મોટા ભમોદ્રા ખાતે પાણીના સમ્પનું ભૂમિપૂજન થયું

### સ્થાનિક ભાજપનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં



અમરેલી, તા.૪, સાવરકુંડલા તાલુકાનાં મોટા ભમોદ્રા ગામ ખાતે સાસંદ નારણભાઈ કાછડીયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વરદ હસ્તે ભુગર્ભ સંપના કામનું ભૂમિપુજન કરી, કચરા કલેકશન માટે ઈ–વ્હીકલ ગ્રામ પંચાયતને અર્પણ કરવામાં આવી. ગુજરાત સરકારનાં પાણી પુરવઠા બોર્ડ તરફથી ગ્રામજનો માટે પાણીનો સગ્રહ થઈ શકે તે હેતુથી રૂા.૯,૩૯,૦૦૦ ની ધનરાશી સાથે ૧,૯૦,૦૦૦ લીટરનો ભુગર્ભ સંપ તેમજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તરફથી કચરા કલેકશન માટે રૂા.૨,૯૯,૦૦૦ ની ધનરાશી સાથે ઈ–વ્હીકલ મંજુર કરવામાં આવેલ છે. આ ભૂમિપુજન કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, માર્કેટીંગ યાર્ડનાં ચેરમેન દિપકભાઈ માલાણી, જિલ્લા પંચાયત સભ્ય અને દંડક લાલભાઈ મોર, તાલુકા પંચાયત ઉપપ્રમુખ પરશોતમભાઈ ઉમટ, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન ઘુસાભાઈ વાણીયા, માર્કેટીંગ યાર્ડ ડીરેકટર અતુલભાઈ રાદડીયા, તાલુકા પંચાયત સદસ્ય પ્રમોદભાઈ રંગાણી, તાલુકા બક્ષીપચ મોરચા પ્રમુખ કિશનભાઈ ખુમાણ, મોટા ભમોદ્રા સરપંચ ભાવેશભાઈ ખુટ, મડળીના પ્રમુખ અમરૂભાઈ વિંછીયા, ઉપસરપંચ અશ્વિનભાઈ શિંગાળા તથા શેલણા, વડા, ઘોબા અને મેકડા ગામનાં સરપચઓ સહિત ગ્રામજનો તેમજ પાણી પુરવઠા બોર્ડનાં અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.



# બેસણું/પ્રાર્થનાસભા

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः॥

અમારા માંજરીયા પરિવારનાં ભાઈશ્રી રણજીતભાઇ લાખાભાઇ માંજરીયા
તા. ૩-૧૦-૨૦૨૩, મંગળવારનાં રોજ રામચરણ પામેલ છે.

**: સદ્ગતનું બેસણું/પ્રાર્થનાસભા :**

આજે તારીખ : ૫-૧૦-૨૦૨૩ ને ગુરુવારનાં રોજ
સમય : સવારે ૯:૦૦ થી ૬:૦૦ કલાકે
સ્થળ : ''જય સૂર્યદેવ'' ડો. કાનાબાર હોસ્પિટલની બાજુમાં, મહિલા વિકાસ ગૃહ પાછળ, કેરીયા રોડ, અમરેલી મુકામે રાખેલ છે.




સ્વ. રણજીતભાઈ લાખાભાઇ માંજરીયા
સ્વ.તા. ૩-૧૦-૨૦૨૩, મંગળવાર.
(ઉ.વ.૩૯)

લી.

ભવદીપભાઇ લાખાભાઈ માંજરીયા
દાનાભાઈ નાજભાઈ માંજરીયા
નનકુભાઇ નાજભાઇ માંજરીયા
જીવાભાઇ હાથીભાઇ માંજરીયા
ગભરૂભાઈ હાથીભાઈ માંજરીયા
અનિરૂદ્ધભાઈ દાનભાઈ માંજરીયા
હિતેષભાઇ બાલાભાઈ માંજરીયા
અજીતભાઈ ભુરાભાઈ માંજરીયા
વિક્રમભાઇ બાલાભાઇ માંજરીયા
મયુરભાઈ દાનાભાઇ માંજરીયા
મહાવીરભાઇ દાનાભાઈ માંજરીયા
પૃથ્વીરાજસિંહ નનકુભાઈ માંજરીયા
ભગીરથસિંહ નનકુભાઇ માંજરીયા
યજ્ઞરાજભાઈ પોપટભાઈ માંજરીયા
સત્યજીતભાઇ પ્રકાશભાઈ માંજરીયા
અશોકભાઇ જીવાભાઈ માંજરીયા
ભરતભાઈ જીવાભાઈ માંજરીયા
ગૌતમભાઇ જીવાભાઈ માંજરીયા
વિજયભાઇ ગભરૂભાઈ માંજરીયા
અજયભાઈ ગભરૂભાઈ માંજરીયા
રોહિતભાઈ વલકુભાઇ માંજરીયા
શક્તિરાજ ભવદીપભાઈ માંજરીયા
અભિજ્ઞાન ભવદીપભાઈ માંજરીયા

સમગ્ર માંજરીયા પરિવારનાં જય સૂર્યનારાયણ...
: અમરેલી :

## જિલ્લા પંચાયતનાં મેલેરીયા વિભાગ દ્વારા જુદી–જુદી ટીમની રચના કરાઈ

# અમરેલીમાં મેલેરીયા, ડેન્ગ્યુ અને ચિકનગુનીયાને અટકાવવા ઝૂંબેશ

શહેરનાં ૩૨૦૦ કરતાં વધારે રહેણાંક મકાનની મુલાકાત લઈ ૧૦ હજાર કરતાં વધારે પાત્રોની ચકાસણી કરાઈ

૧૮૫ રહેણાંક મકાન અને ૨૬૮ જેટલા પાત્રોમાં મચ્છરનાં પોરા જોવા મળતાં નાશ કરાયો

શહેરની ખાનગી હોસ્પિટલ, શોપિંગ સેન્ટર અને સરકારી મકાનોમાં પણ ચકાસણી કરવામાં આવી

દર અઠવાડીયે ઝૂંબેશ કરાશે તો શહેરીજનોને પણ જરૂરી જાગૃતિ દાખવવા તંત્ર દ્વારા અનુરોધ









અમરેલી, તા. ૪
ચોમાસાની ઋતુમાં વરસાદી પાણીનો ભરાવો થવાથી અને મચ્છર ઉત્પતિ માટે અનુકૂળ વાતાવરણ સર્જાતા મચ્છરોની ઘનતા વધે છે અને ચેપી મચ્છરોના કરડવાથી ફેલાતા મેલેરીયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનીયાના કેસોમાં વધારો જોવા મળે છે. અગમચેતીના પગલારૂપે મેલેરીયા શાખા, જિલ્લા પંચાયતની સુચનાથી અમરેલીમાં મેલેરીયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનીયાના કેસો નોંધાયેલ છે તેના આસપાસના ઘરોમાં સઘન સર્વે કામગીરી કરાવવામાં આવેલ, જેમાં અર્બન હેલ્થ સેન્ટરના આરોગ્ય કાર્યકરો ઉપરાંત ૧૦ વેકટર કંટ્રોલ કર્મચારીઓ અને અમરેલી તાલુકાનાં અન્ય પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના આરોગ્ય કાર્યકરો ડેપ્યુટ કરી ખાસ ઝુંબેશ સ્વરૂપે કામગીરી કરવામાં આવેલ. અમરેલી શહેરી વિસ્તારની વાહકજન્ય રોગોની પરિસ્થિતિ ધ્યાને લઈ આ ટીમો દ્વારા શહેરના ૩૨૯૪ ઘરની મુલાકાત લઈ ૧૦૯૭૩ પાત્રોની મચ્છર ઉત્પતિ માટે તપાસ કરતાં ૧૮૫ ઘરો અને ૨૬૮ પાત્રોમાં મચ્છરના પોરા જોવા મળેલ.

અનુસંધાન પાના ૬ ઉપર

### બ્રાહ્મણ સોસાયટીમાં રહેતા

## અમરેલીનાં યુવકને ખોટી ઓળખ આપી 3 વ્યકિતઓએ રૂપિયા ૭૦ હજારનો ચુનો ચોપડયો


### ગુગલ પે તથા બેન્ક એકાઉન્ટમાંથી ટ્રાન્જેકશન કરાવી લીધા

અમરેલી, તા. ૪
અમરેલીની બ્રાહ્મણ સોસાયટીમાં રહેતા ચિંતનભાઈ બીપીનભાઈ જોષી નામનાં ૨૮ વર્ષિય યુવકને ૩ અજાણ્યા ઈસમોએ

અનુસંધાન પાના ૬ ઉપર
























*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)